Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું. આત્મ સં. ૫૩ સંવત ૨૦૦૪.

અંક ૨ જો. તા. ૧-૧૦-૪૮ ભાદરવો



વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

દર માસની પેલી તારીખે પ્રગટ થાય છે.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી પાર્શ્વનાથ જિન સ્તવનમ્ ... ... ... | ( મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી ) | ૨૧ |
| ૨ | ક્ષમાપના ... ... ... ... ... | ( અમરચંદ માવજી શાહ ) | ૨૨ |
| ૩ | બૌદ્ધદર્શનસંમત્ત અહિંસાનું સ્વરૂપ... ... | ( મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ ) | ૨૩ |
| ૪ | વિવેકદૃષ્ટિ બનો... ... ... ... | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૭ |
| ૫ | ચિંતા... ... ... ... ... | ( અનુવાદક–' અભ્યાસી ' બી. એ. ) | ૩૨ |
| ૬ | શ્રી સુવિધિનાથનું સ્તવન ... ... ... ... ... | ( પંડિત લાલન ) | ૩૫ |
| ૭ | યાત્રાના નવાણું દિવસ ... ... ... | ( શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૩૭ |
| ૮ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | ( સભા ) | ૩૯ |



## શ્રી વસુદેવ હિંડી ( ગુજરાતી અનુવાદ ) કીમત રૂ. ૧૫ )

કર્તા શ્રીમાન **શ્રી સંઘદાસગણિ**, સંશોધનકાર મહાત્મા સાક્ષારવર્ય મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજ, અનુવાદક, ભાષાશાસ્ત્રી અને સાક્ષર સાહિત્યકાર શ્રી ભોગીલાલ જે. સાંડેસરા એમ. એ. આ અપૂર્વ સાહિત્ય ગ્રંથ ઉચ્ચકક્ષાનો પ્રથમ કોટીમાં મુકી શકાય તેવો અપૂર્વ ઐતિહાસિક અને કથા સાહિત્ય ગ્રંથ ( પાંચમા સૈકામાં પ્રથમ લખાયેલ )

ઉચ્ચકોટીના સાહિત્યકાર અને સાક્ષરોત્તમ રાજેશ્રી આનંદશંકરભાઇ બાપુભાઇ ધ્રુવે આ સભા આવી પ્રથમ ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કરેલી ગણના, તેમજ જૈન વિદ્વાનત્યાગી મહાત્માઓ અને જૈનેતર સાહિત્યકારે ગણેલ અપૂર્વ પ્રશંસનીય ઇતિહાસિક કથા સાહિત્યનો અનુપમ ગ્રંથ તેમજ જેની જૈન દર્શનમાં અનેક સ્થળે સાક્ષીઓ આપવામાં આવેલ છે. આ અપૂર્વ ગ્રંથ જેની જૈન સમાજ કિંમત કદાચ ગણના ન કરે કે ઓછી કરે તેથી તેની ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કિંમત ઓછી થતી નથી.

આ ગ્રંથની જે નકલો પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને મોટી સંખ્યામાં ભેટનો અપૂર્વ લાભ આપેલ છે તે પછી હવે અમારી પાસે જુજ નકલો સિલીકે રહેલ છે, તે ગ્રંથ **સિરિઝનો** હોવાથી તે **સિરિઝના** ધારા પ્રમાણે તેની મૂળ રકમ ઉપાર્જન કરી પછી તેમાંથી સિરિઝના બીજા ગ્રંથનું પ્રકાશન કાર્ય સભાને કરવાનું હોય છે. ઉપરોકત પ્રમાણે સભાસદો અને તેમજ ધોરણ પ્રમાણે મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારો વગેરેને ભેટ જતાં અનામત રાખવાની જે મૂળ રકમ છે તે પૂર્ણ કરવા માટે આ ગ્રંથની કિંમત રૂ. ૧૨॥ ને બદલે હવે સિલિકે રહેલ બુકોની દરેકની રૂ. ૧૫) કિમત લેવા ઠરાવેલ છે. જેથી તે પૂર્ણ થતાં તરતજ તે બંધુના સિરિઝનો બીજો ગ્રંથ છપાવવાનો સભા પ્રબંધ કરી શકશે. ૨૫ નકલથી વધારે લેનારને વીસ ટકા કમીશન આપવામાં આવશે.

### જાહેર ખબર.

નીચેના સુંદર ગ્રંથો ઘણા થોડા સિલેકે રહ્યા છે, હાલની અને દિવસાનુદિવસ વધતી જતી છાપકામની મોંઘવારીને લઇને બીજી આવૃત્તિ થઇ શકે તેમ નથી જેથી વેલાસર મંગાવી લેવા નમ્ર સુચના

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ધર્મબિન્દુ | ૩–૦–૦ | ૬ | શ્રી જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર | ૦–૮–૦ |
| ૨ | પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧-૮–૦ | ૭ | શ્રી તત્ત્વ નિર્ણયપ્રસાદ | ૧૦–૦–૦ |
| ૩ | કુમાર વિહાર શતક | ૧-૮–૦ | ૮ | જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય | ૨-૧૨-૦ |
| ૪ | શ્રાવક ધર્મ વિધિ | ૦–૮–૦ | ૯ | શ્રી સંઘપતિ ચરિત્ર | ૬–૮–૦ |
| ૫ | વિજયાનંદસૂરિ | ૦–૮–૦ | ૧૦ | શ્રી શાંતિનાથ ચરિત્ર | ૭–૮–૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૪. | આસો | પુસ્તક ૪૬ મું. |
| વિક્રમ સં. ૨૦૦૪. | :: તા. ૧ લી ઑકટોબર ૧૯૪૮ :: | અંક ૨ જો |


## ॥ श्रीपार्श्वनाथजिनस्तवनम् ॥

[ भैरवीराग-त्रितालाभ्यां गीयते ]

રચયિતા—મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી

नमत जिनमश्वसेननृपनन्दम्, केवलकमलाकन्दम्......नमत.

विश्वविश्वविस्तारिवर्ण, विनिहतकरणच्छन्दम् ।
भव्यो भवमटविमुत्तरति, इह यं वन्दं वन्दम्......नमत.

दूरकरोति दुरिततिमिरं, शशिवच्चन्दं चन्दम् ।
फुल्लयति सज्जनजनकुमुदं, निस्तन्द्रं निस्पन्दम्......नमत.

नमति धरणपद्मावतीयमलं, चरणसरोजममन्दम् ।
यदीयमनीशमनिशं वन्दे, तमहं गीतशुचिच्छन्दम्......नमत.

अनन्तभवभ्रमभयभीतानां, हरति करुणाक्रन्दम् ।
धीरं धर्मधुरन्धरमिद्धम्, अगमनिगमनिस्यन्दम्......नमत.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાપના

( કવ્વાલી )

ક્ષમા લીધી અને દીધી, થઇ ત્યાં હૃદયની શુદ્ધિ;
પુનઃ કરી ક્રોધની વૃદ્ધિ, ક્ષમાને ભ્રષ્ટ નહિં કરજો. ૧

સતીનું શિયળ આભૂષણુ, ક્ષમા છે વીરનું ભૂષણુ;
ન લાગે ક્રોધથી દૂષણુ, ક્ષમા એવી તમે ભજજો. ૨

પ્રસરતી ક્રોધથી હિંસા, ક્ષમા ત્યાં હોય અહિંસા;
સ્વ-પરઘાતક એ હિંસા, ક્ષમા હથિયારથી હરજો. ૩

ક્રોધ કષાય ખાનામાં, દ્રવ્ય ભાવે હણાવામાં;
ન જાશો હિંસાસ્થાનોમાં, ક્ષમાની વાડીમાં ચરજો. ૪

દ્વેષ ઇર્ષાતણી ભરતી, વૈરવિરોધને ધરતી;
ક્રોધ અગ્નિથી પ્રસરતી, શીતળ ક્ષમા જળે કરજો. ૫

પાપાશ્રવતણું એ દ્વાર, કરમનો આવશે નહિં પાર;
હળાહળ ક્રોધની એ ધાર, ધરમની ઢાળથી ધરજો. ૬

પ્રભુ પાર્શ્વ અને મહાવીર, ગજસુકુમાળ આદિ ધીર;
તર્યા સમતા પહેરી ચીર, તમે તેવી રીતે તરજો. ૭

ક્ષમા છે મોક્ષનું સોપાન, સંવરની એ ખરી કમાન;
સુભાગી ક્ષમાનું વિમાન, ગ્રહીને મુક્તિને વરજો. ૮

ક્ષમા જો આવશે સાચી, શાંતિ ત્યાં આવશે નાચી;
'અમર' આનંદમાં રાચી, 'મિચ્છામિ દુક્કડં' ગ્રહજો. ૯

અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्ति सुपार्श्वजिनेन्द्राः ॥

# બૌદ્ધદર્શનસંમત અહિંસાનું સ્વરૂપ

## બૌદ્ધોએ જૈની અહિંસા ઉપર કરેલા આક્ષેપોનું નિવારણ.

લેખક—મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૧૧ થી ચાલુ. )

ઉપર પ્રમાણે **વસુબંધુ**એ કલ્પેલા અહિંસાના લક્ષણનું અને જૈની અહિંસા ઉપર તેણે કરેલા કપોલકલ્પિત આક્ષેપોનું **તત્ત્વાર્થટીકા**માં **ગન્ધહસ્તી શ્રીસિદ્ધસેનગણિ**એ વિસ્તારથી સયુક્તિક ખંડન કર્યું છે. અત્યારે મારી સામે **ગન્ધહસ્તિ-ટીકા** નથી પણ મને યાદ છે ત્યાં સુધી પૂ૦શ્રી **યશોભદ્રસૂરિ[1] મહારાજે** પણ લગભગ અક્ષરશઃ તે જ પ્રમાણે ખંડન કર્યું છે. આથી અહિંસા સંબંધી સમગ્ર ચર્ચા હારિભદ્રીવૃત્તિમાંથી પૂર્વપક્ષ સાથે નીચે ઉધ્ધૃત કરવામાં આવે છે.

**"स्यादेतत्- अस्तु तृतीयविकल्पे प्राणातिपातः सम्पूर्णलक्षणत्वात्- मार्यमाणः प्राणी यदि भवति, हन्तुश्च 'प्राणी' इति यदि विज्ञानमुपजातम्, 'हन्मि' इति च यदि वधचित्तोत्पादः यदि च व्यापादितः स्यात् सर्वं चेदमुपपन्नं तृतीये। प्रथम-द्वितीयविकल्पे तु नास्ति एतत् समस्तमतः कथं तत्र हिंसकत्वम्? एतदेव च प्राणातिपातलक्षणमपरैः स्पष्टतरं प्रपञ्चितम्—**

**"प्राणातिपातः सञ्चिन्त्य परस्याभ्रान्तमारणम्" [अभि. कोश. ४। ७३] इति। द्विविधं मारणं सञ्चिन्त्य असञ्चिन्त्य च सञ्चिन्त्यापि द्विविधम्- भ्रान्तस्य अभ्रान्तस्य च अभ्रान्तस्यापि द्विविधम् आत्मनः परस्य चेत्यतो विशेषणत्रयमुपादीयते एतदुक्तं भवति- यदि 'मारयिष्याम्येनम्' इति संज्ञाय परं मारयति, तमेव मारयति, नान्यं भ्रमित्वा,—इयता प्राणातिपातो भवति। यस्तर्हि संशयितो मारयति 'प्राणी? न प्राणी?' इति 'स वा? अन्यो वा?' इति सोऽप्यवश्यमेव निश्चयं लब्ध्वा तत्र प्रहरति 'योऽस्तु सोऽस्तु' इति कृतमेवानेन त्यागचित्तं [2]भवतीति। ततश्चासञ्चिन्त्य योऽत्र घातः क्रियते भ्रान्तेन वा आत्मनो वा स न प्राणातिपातः, प्राणश्च वायुः कायचित्तसंमि( सन्नि )श्रः प्रवर्तते चित्तप्रतिबद्ध-**

---

૧. **હારિભદ્રીવૃત્તિ** નામે પ્રસિદ્ધ મુદ્રિત વૃત્તિમાં પૂ૦ શ્રીહરિભદ્રસૂરિ મહારાજે આદિના ૬ાા, અધ્યાયની જ વૃત્તિ રચી હોવાથી અને બાકી શ્રી**યશોભદ્રસૂરિ**( શિષ્ય ? ) મહારાજે પૂર્ણ કરી હોવાથી મેં યશોભદ્રસૂરિનું નામ લખ્યું છે.

૨. મુદ્રિત **હારિભદ્રી**માં न भवतीति પાઠ છે. પણ न નકામો હોવાથી મેં કાઢી નાખ્યો છે. त्यागचित्त=પ્રાણત્યાગચિત્ત=મારણચિત્ત.

૩. પુદ્ગલવાદ અભિધર્મકોશના નવમા કોશસ્થાનમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वृत्तित्वात् तमतिपातयति विनाशयति जातस्य स्वर(न)स्य संनिरोधादनागतस्योत्पत्तिं प्रतिबध्नातीति जीवितेन्द्रियं वा प्राणः कायस्यैव च सेन्द्रियस्य तज्जीवितेन्द्रियं व्यपदिश्यते न त्वन्यस्य, आत्मनोऽभावात्, न ह्यात्मनः किञ्चित् प्रतिपादकं प्रमाणमस्तीति अन्यस्त्वाह–

"आयुरूष्माऽथ विज्ञानं यदा कायं जहत्यमी।
अपविद्धस्तदा शेते यथाकाष्ठमचेतनम् ॥ १ ॥" इति।

आर्हताः पुनरबुद्धिपूर्वकमसञ्चिन्त्यापि कृतं प्राणातिपातं प्रतिजानते अबुद्धिपूर्वादपि प्राणवधात् कर्तुरधर्मो यथाऽग्निस्पर्शाद्दाह इति तेषां चैवमभ्युपेयतां परदारदर्शन–स्पर्शने च कामिन इव साधोरवद्यप्रसङ्गः साधुशिरोलुञ्चने कष्टतपोदेशने च शास्तुः क्रुद्धस्येवाधर्मप्रसङ्गः विसूचिकामरणे चान्नदायिनः प्राणवध. मातृगर्भस्थयोश्च अन्योन्यदुःखनिमित्तत्वात् पापयोगः वध्यस्यापि च वधक्रियासम्बन्धादग्निस्वाश्रयदाहवदधर्मप्रसङ्गः परेण च कारयतो नाधर्मप्रसङ्गः न हि अग्निमन्येन स्पर्शयन् प्रयोजयिता दह्यते अचेतनानां च काष्ठादीनां गृहपाते प्राणवधात् पापप्रसङ्गः न च दृष्टान्तमात्रात् स्वपक्षसिद्धिरित्येवमनेकदोषसम्भवान्न बुद्धिपूर्वकं प्राणातिपातावद्यमस्तीति।

अत्रोच्यते जैनैः–.........यदुच्यते परेण 'असञ्चिन्त्य भ्रान्त्या वा मारणं नावद्यहेतुकम्' इत्यत्र प्रतिविधीयते—असञ्चिन्त्य कुर्वतो यद्यवद्यासम्भवः ततो मिथ्यादृष्टेरभावः सुगतशिष्याणाम् यस्मान्न कश्चिन्मिथ्या प्रतिपद्यते प्रेक्षापूर्वकारी 'मिथ्या' इति सञ्चित्य... ...अथ संशयहेतुत्वान्मिथ्यादर्शनमवद्यकारणम्, एवं तर्हि निश्चितधियः सांख्यादेः 'इदमेव तत्त्वम्' इति नावद्यं स्यात्। संसारमोचक-गलकर्तक-याज्ञिकप्रभृतीनां च प्राणवधकारिणाम् 'धर्मः' इत्येवं सञ्चेतयतामधर्मोऽयमित्येवं चासंचेतयतां नावद्यं स्यादन्याभिसन्धित्वात्। अथैवं मन्वीथाः–सञ्चेतयन्त्येव ते 'प्राणिनो वयं हनाम(हन्मः)' इति सत्यमेतत्, किन्तु नैवं चित्तोत्पादः 'हन्यमानेषु एतेषु अधर्मो भवति' इति संविद्रते च स्फुटमेव सौगताः प्रमादारम्भयोरवश्यंभावी प्राणिवध इति तथा बुद्धस्य ये शोणितमाकर्षयन्ति वपुषः 'सुगतोऽयम्' इत्येवमविधाय(चार्य) तेषाम् [1]अवीचिनरकगमनकारणम(मा)नन्त[र्य][2]कमबुद्धित्वा-

१. બૌદ્ધદર્શનમાં ૧ સંજીવ, ૨ કાલસૂત્ર, ૩ સંઘાત, ૪ રૌરવ, ૫ મહારૌરવ, ૬ તપન, ૭ પ્રતાપન અને ૮ અવીચિ–આ પ્રમાણે આઠ નરકોની માન્યતા છે. (**અર્બુદ** વિગેરે બીજા આઠ શીત નરકો પણ છે. એ પણ ધ્યાનમાં લેવું) તેમાં અહીં આઠમો अवीचि (नास्ति वीचि=सुखं यत्रेत्यवीचिः) નરક વિવક્ષિત છે. આ સંબંધી સવિસ્તર વર્ણન અભિધર્મકોશના ત્રીજા लोकधातु નામના કોશસ્થાનમાં છે.

૨. બૌદ્ધદર્શનમાં ત્રણ પ્રકારનાં આવરણ છે. ૧ કર્માવરણ, ૨ કલેશાવરણ, ૩ વિપાકાવરણ તેમાં **આનન્તર્ય**ને કર્માવરણ કહેવામાં આવે છે. જે કાર્ય કરવાથી પ્રાણી અનન્તર જન્મમાં–આગામી જન્મમાં નરકમાં ઉત્પન્ન થાય તે પાપ કર્મને આનન્તર્ય કહેવામાં આવે છે. (अनन्तरम्–पुनर्जन्मनि नरकं गच्छतीति अनन्तरः तस्य भाव आनन्तर्यम्) આ આનન્તર્યના પાંચ ભેદો છે–૧ માતૃવધ, ૨ પિતૃવધ, ૩ અર્હદ્વધ, ૪ સંઘભેદ, ૫ બુદ્ધશરીરરુધિરોત્પાદ. તેમાં પાંચમું આનન્તર્ય **સૌથી** મોટું પાપ છે. આ આનન્તર્યથી **અવીચિ** નરકમાં પ્રાણી ઉત્પન્ન થાય છે ("अवीचौ पच्यते कल्पम्" એક કલ્પ (સમય–પ્રમાણ વિશેષ) સુધી અવીચિનરકમાં વિપાક અનુભવે છે. अभिधर्मकोश–४। ९९)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



देव न स्यात् दृश्यते चानन्ता[र्य]कम् । अथ 'बुद्धोऽयम्' इत्येवंविधबुद्धेरपि संशयितस्य अघ्नतश्च सञ्चेतयतो भवेदानन्तर्यकम् एवं सति मायासूनवीयानामप्यवद्येन योगः स्यात्, यतस्ते विदन्ति आर्हतामवनि-दहन-पवन-जल-वनस्पतयः प्राणिनः । अथैवमारेकसे 'बुद्धोऽयम्' इति संज्ञानमात्रेण सांख्यादिरपि चेतयत्येव, एवं तर्हि संज्ञामात्रेण सञ्चेतयतः कल्पाकारमपि शुद्धनामानं घ्नत आनन्तर्यकं स्यात् । तथा माता-पित्र-ऽर्हद्वध-स्तूपभेदानन्तर्येष्वपि । बालस्य किल यांस्तानवचेतयतो बुद्धाय भिक्षादानोद्यतस्य पांसुमुष्टी राज्यं फलत इति सुगतशासनविदां प्रतीतमेव । तदेवमसंचेतितवधो भ्रांतिवधश्च प्राणातिपातावद्यहेतुतया ग्राह्योऽन्यथा बहु त्रुट्यति बुद्धभाषितमिति । तथा आत्मवधोऽपि जैनानामवद्यहेतुरेव विहितमरणोपायादृते शस्त्रो-लुम्बना-ऽग्निप्रवेशादिभिः । तस्मादात्मनोऽपि अविधिवधोऽवद्यहेतुरिति यत् किञ्चित् परग्रहणमिति । ......... तस्मादेनःपदमेतद् वसुबन्धोरामिषगृद्धस्य गृध्रस्येवाप्रेक्ष्यकारिणः ।

अयं पुनरप्रसङ्ग एव मूढेनोपन्यस्तः-शिरोलुञ्चनाद्युपदेशे शास्तुः क्रुद्धस्येवाधर्मप्रसङ्ग इति, यतः तत्राज्ञानादिप्रमादासम्भवः अत्यन्तमेव शासितरि, ध्वस्तरागद्वेषमोहेनापि भगवता मुमुक्षूणां कर्मनिर्जरणोपायत्वेन तपो देशितं कुतोऽवद्यप्राप्तिरप्रमत्तस्य ? इति । अन्नदाय्यपी श्रद्धाशक्त्यादिगुणसमन्वितोऽप्रमत्तो गुणवते पात्राय ददाति न्याय्यम्......... ......कुतस्तत्रावद्ययोगोऽन्नदायिनः ?...विसूचिका तु भोक्तुः आप्तविहिताचारपरितमितादिभोजिनो जन्मान्तरोपात्ताशुभकर्मापेक्षा न दातुर्दोषमावहति विहिताचारोल्लंघनभोजिनोऽपि स्वकृतकर्मविपाक एवासाविति नास्त्यणीयानपि दातुरप्रमत्तत्वाद्दोष इति । ............ । यच्चावाचि 'मातुर्गर्भो दुःखहेतुः, मातापि गर्भस्य दुःखनिमित्तमित्युभयोः दुःखहेतुत्वादवद्येन योगः' इति तदभिमतमेव जैनानां तयोः प्रमत्तत्वात् । ..................

यच्चोक्तमग्निदृष्टान्तसामर्थ्याद्वध्योऽपि अवद्येन युज्येत वधक्रियासम्बन्धाद्धन्तृवत् । यथा हि अग्निः पूर्वं स्वाश्रयं दहतीन्धनादिकमेवं वधक्रिया वध्यसम्बन्धिनी प्राक् तावद् वधक-(वध्य)मेवावद्येन योजयति ... तदेतदसत् ... यया कर्तृगतया हननक्रियया प्राणवियोजनं कर्मस्थं क्रियते सा विवक्षिता, ज्वलनोऽपि एतावता दृष्टान्तीकृतोऽप्रतिबद्धदहनस्वभावः स्पृश्यमानो बुद्धिपूर्वकमन्यथा वा दहत्येव प्राणातिपातोऽपि हि प्रमत्तेन ... क्रियमाणः कर्तारमवश्यंतयाऽवद्येन योजयत्येवेति दृष्टान्तार्थः ...... तत्र कः प्रसङ्गो वध्यस्याधर्मेण ? ...... दृष्टान्तधर्मी चानेकधर्मा तत्र कश्चिदेव धर्ममाश्रित्य दृष्टान्त उपन्यस्यते । अथ समस्तधर्मविवक्षया दृष्टान्तोपादानं ततो न कश्चिदिष्टार्थसाधनं स्याद् दृष्टान्तः । [1]विकल्प-

આ જ પ્રમાણે પાંચ **આનન્તર્યસભાગ** (=આનન્તર્યસમાન) છે. ૧ માત્ર-ર્હન્તીદૂષણ, ૨ નિયતિપતિતબોધિસત્ત્વમારણ, ૩ શૈક્ષમારણ, ૪ સંઘાયદ્વારહારિકા=સંઘલાભમાર્ગવિઘાત, ૫ સ્તૂપભેદ. આ સંબંધી અધિક વર્ણન અભિધર્મકોશના **કર્મનિર્દેશ** નામના ૪થા કોશસ્થાનની ૧૦૬-૧૦૭મી કારિકામાં છે.

1. असदुत्तरं जातिः—ખોટા ઉત્તરને જાતિ કહેવામાં આવે છે. આ જાતિના ૧ साधर्म्यसमा, ૨ वैधर्म्यसमा વિગેરે ૨૪, ભેદો છે. તેમાં विकल्पसमा સાતમો ભેદ છે. "साधनधर्मयुक्ते दृष्टान्ते धर्मान्तर-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



समाना चेयं जातिरुपन्यस्ता वसुबन्धुवैधेयेन[2]-स्वाश्रयदाहित्वमग्नेः विशेषधर्मोऽस्ति न तु वधक्रियायाः स्वाश्रयेऽवद्ययोग इष्टः तस्मान्नाग्निदृष्टान्तात् साध्यसिद्धिरिति ...... यच्चोक्तं न च दृष्टान्तमात्रात् स्वपक्षसिद्धिरिति एतदप्ययुक्तम्, अजानानस्यापि प्रमत्तस्य प्राणातिपातादवद्यमिति प्रस्तुत्य अग्निरुदाहृतः ...... ।

यच्चोक्तम्-कायस्यैव सेन्द्रियस्य तज्जीवितेन्द्रियं[3] व्यपदिश्यते न त्वन्यस्य आत्मनोऽभावादिति, तदप्यसमीचीनम्-यतः ... भिन्नाः सञ्चेतनादिक्षणा मारणावसानाः, तत्र कस्य प्राणातिपातः ? ... इति सर्वथा गृहीतशरणत्रया[4] अपि अशरणा एव सौगता इत्यैवं

---

विकल्पात् साध्यविकल्पं प्रसजतो विकल्पसमः " [ न्यायभाष्य-५। १। ४] આ તેનું લક્ષણ છે. જાતિના ભિન્ન ભિન્ન પ્રકારોનું વિસ્તારથી વર્ણન ન્યાયસૂત્રના ૫, મા અધ્યાયના પ્રથમ આહ્નિકમાં તથા દિઙ્નાગના ન્યાયમુખ ( P. 56 ) વિગેરેમાં છે. The assumption of a difference (in the homogeneous example) is called the balancing (जाति) alternative (विकल्पसमा) [ न्यायमुख p. 56, ચાઇનીઝ ઉપરથી પ્રો. ટચુચી કૃત ઇંગ્લીશ ભાષાંતર ].

2. "अज्ञे मूढयथाजातमूर्खवैधेयबालिशाः" [ अमरकोश ३। १। ४८ ] इत्यमरः। મૂઢ.

3. બૌદ્ધોને ત્યાં ૧ ચક્ષુ, ૨ શ્રોત્ર, ૩ ઘ્રાણ, ૪ જિહ્વા, ૫ કાય, ૬ મન, ૭ પુરુષ, ૮ સ્ત્રી, ૯ જીવિત, ૧૦ સુખ, ૧૧ દુઃખ, ૧૨ સૌમનસ્ય, ૧૩ દૌર્મનસ્ય, ૧૪ ઉપેક્ષા, ૧૫ શ્રદ્ધા, ૧૬ વીર્ય, ૧૭ સ્મૃતિ, ૧૮ સમાધિ, ૧૯ પ્રજ્ઞા, ૨૦ અજ્ઞાતમાજ્ઞાસ્યામિ, ૨૧ આજ્ઞા, ૨૨ આજ્ઞાતાવી—આ પ્રમાણે ૨૨ ઇન્દ્રિયો માનવામાં આવે છે. તે પૈકી **જીવિતેન્દ્રિય** અહીં વિવક્ષિત છે. આ બાવીશે ઇન્દ્રિયોનું સવિસ્તર વર્ણન અભિધર્મકોશના બીજા इन्द्रियनिर्देश નામના કોશસ્થાનમાં છે.

બૌદ્ધોને ત્યાં इन्द्रिय શબ્દનો જુદો જ અર્થ કરવામાં આવે છે. અભિધર્મકોશભાષ્યના ફ્રેંચ ભાષાનુવાદમાં જે અર્થ છે તે નીચે મુજબ છે. વાચકોને માટે ફ્રેંચ ભાષાંતર નિરર્થક હોવાથી એનું ઇંગ્લીશ ભાષાંતર કરીને અહીં આપવામાં આવે છે—

What is the meaning of the word 'इन्द्रिय'? The root इदि means परमैश्वर्य supreme power. What exercises the supreme power is called इन्द्रिय. Therefore, in generel इन्द्रिय means अधिपति sovereign.

આની સાથે **સ્ફુટાર્થા** વ્યાખ્યાની તુલના કરતાં कः पुनरिन्द्रियार्थः ? "इदि परमैश्वर्ये" [ पाणिनिधातुपाठ ६४ ] इन्दन्तीति इन्द्रियाणि, अधिपतय इत्यर्थः—આવું સંસ્કૃત ભાષ્ય હશે એમ લાગે છે. इन्द्रिय એટલે अधिपति. કઇ કઇ ઇન્દ્રિયનું કોના કોના ઉપર આધિપત્ય છે? એનું વિસ્તૃત વર્ણન અભિધર્મકોશમાં છે.

4. बुद्धं सरणं गच्छामि, धम्मं सरणं गच्छामि, संघं सरणं गच्छामि—આ જે બૌદ્ધોને ત્યાં ત્રણ શરણ છે તે અહીં વિવક્ષિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવેકદષ્ટિ બનો

લેખક:—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

કોઈ માનવી કષાય અથવા તો તિરસ્કારના ભાવોથી મોં બગાડીને કોઇ માણુસને કહી બેસે કે તું તો પશુ છે, તો ઉપશમ ભાવ વગરનો અજ્ઞાની જીવ તરત જ આશ્ચર્ય, શોક કે ક્રોધાદિના વિકારોથી ઘેરાઇ જશે; કારણુ કે માનવ દેહધારી પુદ્ગલાનંદી અજ્ઞાની જીવ માત્ર પોતાને એમ માને છે કે–અમે માણુસ છીએ. આવા જડાસકત માણુસો આકાર માત્રને જ માણુસ માનવાવાળા હોય છે. પણુ માનવીની ઓળખાણુ કરાવનાર લક્ષણો તરફ તેમનું લક્ષ્ય હોતું નથી. દરેક વસ્તુને ઓળખાવવાને તેનામાં ખાસ ધર્મ રહેલો હોય છે જેમકે મીઠાશ સાકરને ઓળખાવે છે, કડવાશ કરીઆતાને, ઉષ્ણુતા અગ્નિને, સુગંધી પુષ્પને અને ઉપયોગ આત્માને ઓળખાવે છે તેમ વિવેક ( માણુસાઇ ) માણુસને ઓળખાવે છે. જેમાં વિવેક ન હોય તે માત્ર આકારથી માણુસ કહેવાય અને તેથી તે માનવ જીવનનું તાત્ત્વિક ફળ મેળવી શકે નહિં. માનવીને જે મુક્તિનો અધિકારી જણુાવ્યો છે તે વિવેકદષ્ટિ માનવીની અપેક્ષાથી જ છે પણુ વિવેકશૂન્ય માત્ર માનવદેહની અપેક્ષાથી નથી કહ્યો. અને તેથી કરીને જ માનવીને યોગ્યતા અયોગ્યતાના પ્રમાણુમાં બધીય ગતિયોનો અધિકારી વર્ણુવ્યો છે.

જગતમાં વિવેક અનેક પ્રકારે ઓળખાય છે. કોઇ માણુસ કોઇને ત્યાં મળવાને કે બેસવાને માટે જાય છે ત્યારે ઘરધણી મળવા આવ-

---

**विचार्यमाणं सुगतशासनं निःसारत्वान्न युक्तिं क्षमत इति।" [5] [ तत्त्वार्थहारिभद्री ७।८ ]**

અભિધર્મકોશભાષ્ય અને તેની સ્ફુટાર્થા વ્યાખ્યા સાથે તુલના કરવાથી અહિંસાસંબંધી તત્ત્વાર્થટીકાન્તર્ગત ચર્ચા બરાબર સ્પષ્ટ સમજી શકાશે એમાં કશી શંકા નથી. સંશોધન–સંપાદન તથા અર્થપરિજ્ઞાનને વ્યવસ્થિત અને ચોક્કસ કરવા માટે પૂર્વપક્ષાદિના મૂલભાગો શોધવાની દિશામાં પ્રયત્ન થવાની અનિવાર્ય આવશ્યકતા છે. આ રીતે થાય તો કઠિન લાગતાં સ્થળોનાં પઠન–પાઠનમાં પણુ અતિ સરલતા આવે. તેમ જ **આપણા પૂર્વાચાર્યો વિશાળદૃષ્ટિથી સતત જાગરુક રહીને પરદર્શનનાં આક્રમણોનો ભૂતકાલમાં કેવો તીવ્ર પ્રતિકાર કરતા હતા એ પણુ યથાર્થ રીતે પ્રકાશમાં આવે.**

મુ. **તલેગાંવ ઢમઢેરે**, જીલ્લા-પુના.<br>સં. ૨૦૦૪, શ્રાવણુ સુદ ૧૧.

**मुनिराजश्रीभुवनविजयान्तेवासी,**<br>**मुनि जम्बूविजय।**

---

5. વાચકો આ પણુ ખ્યાલમાં લે કે, "असदभिधानमनृतम्" [ तत्त्वार्थ सूत्र–७।८ ] સૂત્રની ટીકામાં "अन्यथासंज्ञिनो वाक्यमर्थाभिज्ञे मृषावचः।" આ જે કારિકાર્ધનું ખંડન છે તે પણુ અભિધર્મકોશની જ [ ૪।૭૪ ] કારિકા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નારને આવકાર આપે છે, ઊભો થઇ સામે જાય છે, ગાદી–તકીયા કે ખુરશી ઉપર બેસાડીને ક્ષેમ–કુશળ પૂછે છે, ચા–પાણી માટે આગ્રહ કરે છે. ઇત્યાદિ દેખીતી રીતે વિનય ભરેલા વર્તાવને–પછી ભલે મનમાં તિરસ્કાર જ કેમ ન હોય તો પણ તેને વિવેક કહેવામાં આવે છે. લગ્ન તથા જન્મમરણના પ્રસંગોમાં એક બીજાને ત્યાં જવું, કાંઇપણ કામ માટે પૂછવું અને બતાવે કે ન બતાવે તો પણ ઉત્સાહ બતાવી કોઈપણ કામ કરવા મંડી પડવું, આવી આચરણા પણ વિવેક તરીકે ઓળખાય છે. નહિં ચાલે, જવું પડશે, રહેવું પડશે, આવવું પડશે, છૂટકો નથી, કરવું પડશે, આપવું પડશે, ખોટું દેખાય, નમવું પડશે, ઇત્યાદિ જે લોક વ્યવહાર મરજી વગર–અનિચ્છાએ પણ ફરજિઆત કરવામાં આવે છે કે જે એક પ્રકારનો દંભ છે તેને પણ લૌકિક જનતા વિવેક કહે છે. જેનાથી પોતાનો સ્વાર્થ સારી રીતે સધાતો હોય તેવાને તન–મન–ધનથી મદદ કરવી, બીમારીની અવસ્થામાં સેવા કરવી, પોતાનો કામધંધો છોડીને પણ વખતનો ભોગ આપવો–આવો પણ એક પ્રકારનો વિવેક મનાય છે. રસ્તામાં બે ત્રણ જણ વાતો કરતા ચાલ્યા જતા હોય અને સામેથી સુખી–ધનાઢ્ય કોઈ પરિચિત માનવી મળે તો મોં ઉપર ખૂબ જ પ્રસન્નતા દેખાડીને હાથ જોડવાપૂર્વક તેના અત્યંત વખાણ કરવા, છતા અછતા ગુણો ગાવા, તેના કાર્યોની શ્રેષ્ઠતા બતાવીને પ્રશંસા કરવી અને પછી છૂટા પડીને પોતપોતાને રસ્તે ચાલવા માંડયું કે તરત જ તેની પીઠ પાછળ તેના દોષો બતાવીને વખોડવું–આવો પણ એક રીતે વિવેક ગણાય છે. આ પ્રમાણે જગતમાં વસનારા માણસોએ અનેક પ્રકારે વિવેકની વ્યવસ્થા કરી છે પણ જે વિવેકથી માણસ બની શકાય છે તે વિવેક જુદા જ પ્રકારનો છે. માણસને મુક્તિનો અધિકારી બનાવનાર વિવેકમાં જડાસક્તિ–સ્વાર્થ-માયા-પ્રપંચ-દંભ કે મિથ્યા આડંબર જેવું કશુંય હોતું નથી. જડ–ચૈતન્યના સંયોગ સ્વરૂપ બનાવટી સંસારમાં અનેક પ્રકારની વસ્તુઓ દૃષ્ટિગોચર થઇ રહી છે. આ બધીય વસ્તુઓમાં નકામું કાંઇ પણ નથી અને જે નકામું છે તે આકાશપુષ્પની જેમ અભાવ–સ્વરૂપ છે, એટલે કે તે નથી જ. કોઇને પણ જરૂરત ન પડે એવી વસ્તુની સંસારમાં હયાતી જ નથી. ઉપયોગી બધીય વસ્તુઓની બધાય જીવોને જરૂરત પડતી નથી. કોઇને કોઇ વસ્તુની જરૂરત હોય છે તો બીજાને બીજી વસ્તુની જરૂરત હોય છે, અર્થાત્ એકને જે વસ્તુ ઉપયોગી હોય છે તે જ વસ્તુ બીજાને નિરુપયોગી હોય છે. અને એટલા માટે જ વસ્તુઓના બે ભાગ પડે છે અથવા તો વસ્તુઓ બે પ્રકારની હોય છેઃ તેમાં એક હેય–ત્યાગવાયોગ્ય અને બીજી ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય છે. એક વસ્તુ એકને હેય હોય છે ત્યારે તે જ વસ્તુ બીજાને ઉપાદેય હોય છે. આ બંને પ્રકારની વસ્તુઓને સાચી રીતે ઓળખીને ઉપાદેય વસ્તુઓનો આદર અને હેય વસ્તુઓનો ત્યાગ કરવો તે તાત્વિક વિવેક કહેવાય છે.

સંસારમાં સકર્મક જીવોના કર્મને લઇને અનેક ભેદ પડ્યા છે તેવી જ રીતે જીવોએ ગ્રહણ કરેલા પુદ્ગલ સ્કંધસ્વરૂપ દેહોમાં પણ કર્મને લઇને જ ભિન્ન ભિન્ન સંસ્થાન–આકૃતિ તથા વર્ણાદિમાં વિવિધતા જણાય છે. દેહાદિ રૂપી જડ વસ્તુ અને અરૂપી આત્મા ચેતન–સ્વરૂપ બંનેમાં પરસ્પર હેયોપાદેયતા રહેલી છે. ભિન્ન ગુણ ધર્મવાળી વસ્તુઓ પરસ્પર એક બીજાને માટે હેય હોય છે, કારણ કે આવી વસ્તુઓ એક બીજાની પ્રકૃતિમાં વિકૃતિ ઉત્પન્ન કરે છે. જે વસ્તુઓ પરસ્પર એક બીજીની પ્રકૃતિની પોષક હોય તેવી વસ્તુઓ એક બીજીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ઉપાદેય હોઇ શકે છે. આત્માને માટે જડાત્મક વસ્તુ માત્ર હેય-ત્યાગવા યોગ્ય છે, કારણ કે જડ તથા જડના વિકારસ્વરૂપ વસ્તુઓ આત્માની જ્ઞાનાદિ પ્રકૃતિઓને વિકૃત બનાવે છે જેનું પ્રત્યક્ષ હેયોપાદેય વસ્તુઓના ત્યાગ તથા ગ્રહણરૂપ વિવેકદ્વારા આત્મવિકાસ કરનારા જ્ઞાની પોતે તો છે જ પણ તેમના વચનોનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરનારાઓને પણ હોય છે કે અનાદિ કાળથી જડ સ્વરૂપ કર્મ તથા કર્મના વિકાર સ્વરૂપ કષાયવિષયના ઉપાદેયપણાથી–આદર કરવાથી આત્મામાં થયેલી વિકૃતિને લઇને અનેક ભેદવાળા આત્માઓ જણાય છે. જે ચાર ગતિ અને ચોરાસી લાખ જીવાયોનિ કહેવાય છે તે આત્માની વિકૃત દશાનું પરિણામ છે અને તે હેય વસ્તુઓના આદર કરવાથી જ આવ્યું છે.

હેય–ઉપાદેય વસ્તુઓને જાણવા માત્રથી વિવેકી કહેવાય નહિં, કારણ કે બીજાનું જણાવેલું જાણનારાઓ પણ અવિવેકનું ફળ મેળવી શકે છે માટે બીજાનું-જ્ઞાનીયોનું જણાવેલું જાણીને તેના આલંબનથી પોતે જ્ઞાની બનવાની જરૂરત છે. અર્થાત્ માનવી જ્ઞાની પુરુષોના વચનો વાંચીને કે સાંભળીને પોતે કહી સંભળાવે છે અને સમજાવે છે, પણ જ્યાં સુધી હેયોપાદેયનો આદર કરીને સમ્યગ્ જ્ઞાની બની શકાય નહિં ત્યાં સુધી વિવેકદષ્ટિ કહી શકાય નહિં, અને એટલા માટે જ ભિન્નદશપૂર્વી–કાંઇક ઊણા દશ પૂર્વ જાણનારને અવિવેકી કહ્યા છે કારણ કે તે બીજાનું કહેલું માત્ર જાણે છે પણ પોતે જ્ઞાની નથી, એટલે કે તે જ્ઞાનીયોના વચનોથી હેય–ઉપાદેયને માત્ર જાણે જ છે પણ પોતે ત્યાગવા યોગ્યનો ત્યાગ અને આદરવા યોગ્યનો આદર ન કરવાથી અજ્ઞાની–અવિવેકી કહેવાય છે. અને તેથી કરીને તે જન્મ–જરા–મરણમાંથી છૂટી શકતો નથી, જો કે આવા અવિવેકી જીવો પણ બાહ્ય હેયને ત્યાગે છે અને ઉપાદેયને ગ્રહણ કરે છે જેથી સ્થૂળ દષ્ટિવાળા તેમને ત્યાગી કે જ્ઞાની તરીકે ઓળખે છે છતાં તાત્ત્વિક દષ્ટિથી જોનારા જ્ઞાની પુરુષો તો તેને ત્યાગી કે જ્ઞાની માનતા નથી. કારણ કે સમ્યગ્ જ્ઞાનીયોની દષ્ટિમાં સમ્યગ્દષ્ટિ જ્ઞાની હોઇ શકે છે અને જ્ઞાની જ સાચા હેયોપાદેયનો આદર કરી શકે છે, અને સાચો ત્યાગી પણ તે જ હોઈ શકે છે. અજ્ઞાની જે હેયોપાદેયનો આદર કરીને અણજાણ જનતામાં ત્યાગી અને જ્ઞાની કહેવાય છે તે તાત્ત્વિક હેયોપાદેયનો અનાદર કરવાથી ત્યાગનું સાચું ફળ મેળવી શકતો નથી. જે તાત્ત્વિક હેયોપાદેયને જાણતો નથી, શ્રદ્ધતો નથી, આદર પણ કરતો નથી તે અતાત્ત્વિક હેયોપાદેયનો આદર કરવા છતાં પણ અજ્ઞાની અવિવેકી જ કહી શકાય છે. અને તે મિથ્યાદષ્ટિ તથા અભવ્યના ત્યાગથી સ્પષ્ટ સમજાય છે.

આત્મા ઉપાદેય છે અને જડ હેય છે. સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્ર આદિ આત્માના ધર્મો ઉપાદેય–ગ્રહણ કરવા યોગ્ય છે અને વર્ણ, ગંધ તથા રસાદિ પુદ્ગલના ધર્મ હેય–ત્યાગવા યોગ્ય છે. કષાય વિષય ત્યાગવા યોગ્ય છે, સમભાવ–શાંતિ–સંતોષ ગ્રહણ કરવા યોગ્ય છે, પૌદ્ગલિક વસ્તુ માત્ર જ્ઞાન–આનંદ–સુખ તથા જીવનની બાધક છે પણ સાધક નથી ઇત્યાદિ તાત્ત્વિક હેયોપાદેયના આદરનો મિથ્યા દષ્ટિના ત્યાગમાં અભાવ હોય છે છતાં માત્ર ચર્મચક્ષુથી જોનાર જનતા તેને ત્યાગી તથા વિવેકી કહે છે પણ જ્ઞાનદષ્ટિથી જોનારને તે માન્ય નથી. તે જ્ઞાની પુરુષોએ કથન કરેલી ગુણસ્થાનકોની વ્યવસ્થા ઉપરથી સમજી શકાય છે. તાત્ત્વિક વિવેકીની શરૂઆત ચોથા ગુણઠાણાથી થાય છે. તેની પહેલાના ગુણસ્થાનમાં એટલે કે ખાસ કરીને પ્રથમ ગુણસ્થાનકમાં રસ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋદ્ધિ અને સાતા ગૌરવતાનો તારતમ્યપણે આદર હોય છે, રાગ-દ્વેષ તથા મોહની સારી રીતે ડખલને લઈને હેયસ્વરૂપ કષાય તથા વિષયનો અત્યાદર હોય છે, તેમજ હેય ધર્મને ઉપાદેય ધર્મપણે અણજાણને સમજાવીને પૌદ્ગલિક વસ્તુઓના અનુકૂળ ગુણ-ધર્મો મેળવીને સંતોષ માને છે માટે જ મિથ્યાદષ્ટિમાં હેયોપાદેયનો આદર હોવા છતાં પણ તાત્ત્વિક દૃષ્ટિથી તે વિવેકી કહેવાતો નથી, કારણ કે વિવેકી આત્માઓ તો રાગ-દ્વેષ તથા મોહને હેયસ્વરૂપ સમજતા હોવાથી રાગાદિવાળી પ્રવૃત્તિયોને ધર્મપણે ઓળખાવીને પ્રધાનતા આપતા નથી. જે પ્રવૃત્તિ રાગ દ્વેષાદિને ઉત્તેજિત કરવાવાળી હોય અથવા તો ખોટાને સાચું સમજાવવા માયા-પ્રપંચનો આશ્રય લેવો પડતો હોય તેવી પ્રવૃત્તિને વિવેકી પુરુષો આદરતા જ નથી.

કેટલાક માનવી બુદ્ધિશાળીને વિવેકી માનવામાં મોટી ભૂલ કરે છે, કારણ કે બુદ્ધિમાં તથા વિવેકમાં મોટું અંતર છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી બુદ્ધિશાળી તથા વિદ્વાન બની શકાય છે પણ વિવેકી બની શકાતું નથી વિવેકી બનવાને માટે દર્શન મોહના ઉપશમાદિભાવોની ખાસ જરૂરત છે. તે સિવાય તો વિવેકી બની શકાય જ નહિં, માટે બુદ્ધિશાળી અથવા તો વિદ્વાન વિવેકી હોય જ એવો નિયમ નથી. તેવી જ રીતે વિવેકી અવશ્ય વિદ્વાન હોવો જ જોઇયે એવો પણ નિયમ નથી. વિવેકી જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી થોડુંક પણ ભણેલો હોય તો પણ તે જ્ઞાની કહેવાય છે અને અવિવેકી દ્વાદશાંગ જાણતો હોય કે જનતામાં સમર્થ વિદ્વાન કહેવાતો હોય તોયે તે અજ્ઞાની છે માટે જ વિવેક અને બુદ્ધિ બંને જુદી વસ્તુ છે. અવિવેકી વિદ્વાન સ્વ-પર આત્માનું જેટલું અહિત કરી શકે છે તેના અસંખ્યાતમે ભાગે પણ અવિદ્વાન વિવેકી કરી શકતો નથી. વર્તમાન કાળમાં કહેવાતા અવિવેકી વિદ્વાનો અણજાણ જનતાને હેય વસ્તુને ઉપાદેય અને ઉપાદેય વસ્તુને હેય સમજાવવા વિવેકશૂન્ય બુદ્ધિનો ઉપયોગ કરવાવાળા ઘણા જણાય છે. કેટલાક વિવેકશૂન્ય વિજ્ઞાનને પ્રધાનતા આપી વખાણે છે પણ અજ્ઞાનના કૂપમાં પરિણમેલા વિજ્ઞાનથી થતો વિનાશ પ્રત્યક્ષ થઇ રહ્યો છે તેથી સ્પષ્ટ જણાય છે કે વિજ્ઞાન પણ એક પ્રકારનું અજ્ઞાન હોવાથી જ પરિણામે ઐહિક અને આમુષ્મિક બંને લોકમાં માણસોનું અહિત કરનાર જ નીવડયું છે અને તે વિવેકશૂન્યતાનું જ પરિણામ છે, છતાં પુદ્ગલાનંદી જીવોને તેનાથી વિવિધ પ્રકારના વૈષયિક સાધનો મળવાથી તેઓ અત્યારના વિજ્ઞાનીયોની ખૂબ જ પ્રશંસા કરે છે, અને જ્ઞાની પુરુષો કરતાં પણ વધીને તેમની બુદ્ધિકૌશલ્યતાને પ્રધાનતા આપે છે પણ તેમનું લક્ષ્ય આત્મશક્તિની ક્ષીણતા તરફ જરાય હોતું નથી તેમજ જડાસક્તિને લઈને આત્માની સ્વતંત્રતા નષ્ટ થઇ રહી છે તે પણ તેમને સમજાતું નથી. રાગ-દ્વેષ તથા મોહગ્રસ્ત આત્માઓ અનાદિ કાળથી જ ભિન્ન ભિન્ન સમયે જડનો વિકાસ કરતા આવ્યા છે અને તેના અંગે સંસારમાં જન્મ-મરણની સામગ્રીનો સંગ્રહ તથા વધારો કરતા આવ્યા છે અને કરી રહ્યા છે. જો કે અવિવેકમૂળ તિર્યંચ આદિની જાતિયોમાં તો જીવો ભવવૃદ્ધિની સામગ્રી ભેગી કરે જ છે; પણ વિવેકદૃષ્ટિ બનવાના અધિકારી માનવ જીવનમાં પણ અવિવેકી રહીને પુદ્ગલાનંદીપણે-જડાસક્તિથી જેઓ કર્મથી વધારે લેપાઇ રહ્યા છે અને ભવોની સંખ્યા વધારી રહ્યા છે તેઓ માનવ જીવનની અવગણના કરી રહ્યા છે તેમજ મોહની શિખવણીથી આત્મસંપત્તિ કરતાં જડ સંપત્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને વધારે કીમતી સમજી રહ્યા છે. જેથી કરીને હેયોપાદેયરૂપ વિવેકની વાત જ ગમતી નથી. જડનો વિકાસ થવાથી વૈષયિક વાસનાઓ વધુ પોષાય છે અને વિવેક નષ્ટ થાય છે છતાં મોહના દાસ બનેલા જીવોને તે ગમે છે. જડનો જેટલો વિકાસ થાય છે તેનાથી વધીને આત્મવિકાસ ગુણનો નાશ થાય છે એટલે અજ્ઞાનતા પણ પુષ્કળ પ્રમાણમાં વધે છે. યદ્યપિ જડાસક્તોને અજ્ઞાનપણું આત્માને માટે જ હોય છે એટલે આત્માને તેઓ સારી રીતે ઓળખી શકતા નથી; પણ જડના તો સારી રીતે જાણુ હોય છે, કારણ કે તેઓ વૈષયિક સુખના સાધનો મનગમતા સારામાં સારા બનાવી શકે છે અને તેને વાપરીને સારામાં સારી સુખ-શાંતિ અનુભવીને અત્યંત સંતોષ મનાવે છે તેથી તેમનો અવિવેક પણ સારી રીતે પોષાય છે. આવી રીતે હેયને જ ઉપાદેયની શ્રદ્ધાથી સ્વીકારતા હોવાથી તાત્ત્વિક દૃષ્ટિથી તેઓ અજ્ઞાની જ હોય છે છતાં તેમને વિજ્ઞાની કહેવામાં આવે છે તે એક પ્રકારની જડાસક્તિનું સૂચક છે. આત્માને સારી રીતે ઓળખી તેની મહત્તા સમજનાર તત્વદૃષ્ટિ વિવેકી પુરુષો વિષય-પોષક જડના ધર્મનો વિકાસ કરનારને વિજ્ઞાની તરીકે ગણુતા નથી, કારણ કે વિજ્ઞાન તો આત્માનો ગુણ છે તેના વિનાશક જડનો વિકાસ કરનાર જ્ઞાનને વિજ્ઞાન કેવી રીતે કહી શકાય? આત્મવિકાસક બોધ સિવાયનું જ્ઞાન વિજ્ઞાન હોઇ શકે જ નહિ અને જે વિજ્ઞાન છે તેનાથી આત્માનું અહિત કે અકલ્યાણ થાય જ નહિ માટે જ દર્શન મોહનો જ્યાં સુધી ગાઢ ઉદય હોય ત્યાં સુધી વિજ્ઞાન પણ કહેવાય નહિ. જ્ઞાન-અજ્ઞાન તથા વિજ્ઞાન આત્મસ્વભાવની અવસ્થાઓ છે અને તે ઔદયિકાદિ ભાવોને લઇને થયેલી છે. જ્ઞાનાવરણુ, દર્શનમોહ અને ચારિત્રમોહ આ ત્રણુમાંથી એકલા જ્ઞાનાવરણુનો ક્ષયોપશમ હોય તો જ્ઞાન, અજ્ઞાનપણે ઓળખાય છે. જ્ઞાનાવરણુ તથા દર્શનમોહ બંનેનો ક્ષયોપશમ અથવા તો દર્શનમોહનો ઉપશમ કે ક્ષય હોય તો જ્ઞાન, જ્ઞાન તરીકે કહેવાય છે અને જ્ઞાનાવરણુ, દર્શન મોહ તથા ચારિત્રમોહ ત્રણેનો ક્ષયોપશમ હોય તો તે જ્ઞાનને વિજ્ઞાનની કોટીમાં મૂકવામાં આવે છે; માટે જ જડનો જ વિકાસ કરવાવાળી બુદ્ધિ વિજ્ઞાનને ઓળખાવતી નથી; કારણુ કે તેનાથી તાત્ત્વિક હિત સાધી શકાતું નથી.

વસ્તુસ્થિતિ આવી હોવાથી માણુસે વિવેકી બનવું જોઇયે. શ્રી મહાવીર પ્રભુના અનુયાયી તરીકે પોતાને માનીને ધાર્મિક પ્રવૃત્તિ આદરનાર માણુસોએ તો વિવેકી બનવાને માટે જ ઘણી જ કાળજી રાખવી જોઇયે; કારણુ કે વિવેક વગરના ધર્મને વિવેકી પુરુષો તાત્વિક ધર્મ કહેતા નથી. તેમનું માનવું છે કે-વિવેકશૂન્ય ધાર્મિક ક્રિયાઓ કરવાથી માનવી તાત્ત્વિક ફળ મેળવી શકતો નથી. ધાર્મિક ક્રિયા કરીને માત્ર ચક્રવર્ત્તી કે દેવેંદ્ર બનવાનું પૂન્ય કેમ ન મેળવ્યું હોય પણુ દર્શનમોહના ઉપશમ આદિથી પ્રગટ કરેલા ઔપશમિક આનંદ તથા સુખના આગળ પુન્યથી મેળવેલા ચક્રવર્ત્તી તથા દેવેંદ્રનું સુખ અનંતાનંતમે ભાગે પણુ હોઇ શકતું નથી, કારણુ કે પુન્ય કર્મથી મળેલા સુખ તથા આનંદ પરપૌદ્ગલિક વસ્તુના સંયોગસ્વરૂપ હોવાથી ખોટા છે-સુખાભાસ છે અને મોહના ઔપશમિક આદિ ભાવોથી પ્રગટ થયેલું સુખ આદિ આત્મિક-પોતાના જ હોવાથી તાત્ત્વિક છે અને તે તાત્ત્વિક સુખ-જીવન-આનંદ આદિ વિવેકદૃષ્ટિ જીવો જ મેળવી શકે છે માટે તાત્ત્વિક વસ્તુ મેળવવાની ઇચ્છાવાળા માનવ જીવનમાં જીવનાર જીવોએ વિવેકદૃષ્ટિ થઇને સાચા માનવી બનવાની આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતા.

અનુવાદકઃ—'**અભ્યાસી**' બી. એ.

સંસારમાં કોઇ વિરલા મનુષ્યો હશે કે જેઓ કોઇ પણ ચિંતાથી પીડિત નહિ હોય. ચિંતા એક પ્રકારનો ભારે માનસિક કલેશ છે જેનાથી ઘણે ભાગે કોઇ પણ વ્યક્તિ મુક્ત નથી. ચિંતાનો વિષય હમેશાં બદલાતો રહે છે. બાળક, વૃદ્ધ, ગરીબ, અમીર, રોગી, નીરોગી સૌને કાંઇ ને કાંઇ ચિંતા તો લાગેલી જ હોય છે. એટલું જ નહિ પરંતુ મનુષ્યનું જીવન જેમ જેમ વિકસિત થતું જાય છે, તેમ તેમ તેની ચિંતાનો વિષય વધારે ને વધારે જટિલ થતો જાય છે. બાળકને માત્ર ભોજનપ્રાપ્તિની ચિંતા રહે છે, તે પણ ભૂખ લાગે ત્યારે જ. જ્યારે તે મોટું થાય છે ત્યારે ભણવાની ચિંતા, પરીક્ષામાં પાસ થવાની ચિંતા, આજીવિકા પ્રાપ્ત કરવાની ચિંતા અને માનપ્રતિષ્ઠા, ધન-દોલત વગેરેની અનેક પ્રકારની ચિંતાઓ ધીમે ધીમે એના મન પર પ્રભુત્વ જમાવે છે. બાળકની ચિંતાઓ તો ક્ષણિક હોય છે, પરંતુ પ્રૌઢાવસ્થાવાળાની ચિંતાઓ વર્ષો સુધી ચાલે છે.

મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે–તે ચિંતા વગર રહી જ શકતો નથી. જે મનુષ્યને ચિંતા નથી હોતી તે મનુષ્ય નથી. તે દેવ હોય છે અથવા પશુ હોય છે. ચિંતાની મનોવૃત્તિનું વિશ્લેષણ કરવામાં આવે તો જણાશે કે એનું કારણ માણસને પોતાની અપૂર્ણતાનું જ્ઞાન હોવું એ છે. માણસ ગમે તેવી સ્થિતિમાં હોય છે તો પણ તે કદિ પણ પોતાની સ્થિતિમાં સંતુષ્ટ નથી રહેતો. એક જગ્યાએ અંગ્રેજ વિદ્વાન કાર્લાઇલ લખે છે કે–એક બુટ પોલીશ કરનારને અડધી સૃષ્ટિનો માલિક બનાવવામાં આવશે તો પણ તે સંતુષ્ટ નહિ થાય, તે તુરત જ બાકીની સૃષ્ટિના માલિકની સાથે ઝગડવા લાગશે. આ અતૃપ્તિનું કારણ એ છે કે–સ્વાભાવિક રીતે જ આત્મા હમેશાં પોતાની સ્વરૂપભૂતા પૂર્ણતા પ્રાપ્ત કરવા ઇચ્છે છે. તે જ્યાંસુધી પૂર્ણતાને પ્રાપ્ત નથી કરી લેતો ત્યાં સુધી સંતુષ્ટ રહી શકતો નથી. તેની ચિંતાનો વિષય કોઇ ને કોઇ રહેવાનો જ.

તે પૂર્ણતા શું છે? શું તે અપૂર્ણતાની અનુભૂતિના અભાવમાં છે? હા, કોઇ કોઇ માણસો ભ્રમવશ બનીને એ વાતમાં વિશ્વાસ રાખે છે, ચિંતાથી વ્યાકુળ થયેલ માણસ ત્રણ વસ્તુનો આશ્રય લે છે. નિદ્રા, નશો અને મૃત્યુ, મનુષ્યને જે દુઃખ છે તે તેની ચેતનતાને કારણે જ છે. જે વખતે તે પોતાની ચેતનતા ખોઈ બેસે છે તે વખતે તેની ચિંતાઓ તેમજ વ્યથાઓ પણ વિલીન થઇ જાય છે. નિદ્રા મનની અચેતન અવસ્થા છે અને તેમાં ચિંતાઓ આપોઆપ શાંત રહે છે. ગાઢ નિદ્રાની અવસ્થામાં આપણે પથ્થર જેવા જડ બની જઇએ છીએ. જાગ્રત કે સ્વપ્નાવસ્થામાં ચિત્ત ચંચળ રહે છે, સુષુપ્તિમાં તે શાંત થઇ જાય છે અને તેને લઇને તે જાગ્યા પછી ફરી નવી શક્તિ સાથે સંસારમાં ઉપસ્થિત થઇ જાય છે.

નિદ્રા જે એક સુખદાયિની મનોવૃત્તિ છે તે હમેશાં ચાલુ નથી રહેતી. તેનો અમુક સમય પછી આપોઆપ ભંગ થાય છે અને ફરી મનમાં અનેક પ્રકારના તરંગો ઊઠવા લાગે છે. એનાથી બચવા માટે કેટલાક લોકો ભ્રમવશાત્ નશાવાળી ચીજોનું સેવન કરે છે. એ તો મનને એક જાતનું કલોરોફોર્મ આપીને બેહોશ કરવાનું છે કે જેથી કરીને તે કોઇ રીતે સંસારની ચિંતાઓ ભૂલી જાય. આધુનિક સુધારકો નશાવાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીજોનું વેચાણ કાયદાથી બંધ કરવા ઇચ્છે છે તેમજ મદિરાપાન અટકાવવા માટે અનેક પ્રયત્નો કરે છે, પરંતુ દુઃખની અનુભૂતિનો અભાવ કરવા માટે નશાને સાધન માનનાર મનુષ્યો છે ત્યાં એ રીતે એ ચીજો અટકાવી શકાય તેમ નથી. જ્યાં સુધી મનુષ્યનાં મનને તીવ્ર ચિંતાઓ સતાવ્યા કરશે ત્યાં સુધી તે તેનાથી મુકિત મેળવવાના એવા કોઇ ને કોઇ સાધનો શોધવાનો કે જેનાથી એને કૃત્રિમરૂપે અચેતનતા પ્રાપ્ત થઇ જાય.

જે મનુષ્ય એવી ચિંતાઓથી પીડાતો હોય છે કે જેનાથી છૂટકારો પામવાની તેને કોઇ પણ આશા જ નથી દેખાતી તે મૃત્યુને આહ્વાન કરે છે. મૃત્યુ દીર્ઘ કાળ સુધી રહેનારી નિદ્રા છે. બન્ને અવસ્થામાં મનનો આશ્રય અભાવ છે.

પરંતુ સમજુ મનુષ્ય ચિંતાથી મુક્ત થવા માટે નિદ્રા તેમજ નશાનો આશ્રય લેતો નથી તેમજ મૃત્યુનો આશ્રય પણ લેતો નથી. એ આશ્રય લેવો એ તો જ્ઞાન માર્ગથી વિમુખ થવાનું છે, જીવન–સંગ્રામથી ભાગી જવાનું છે. આપણે યાદ રાખવું જોઇએ કે અવિવેકી અને કાયર મનુષ્ય કદી પણ સુખી રહેતો નથી. ચેતનતા આવે છે કે તરત જ એના માથે ફરી ચિંતા સ્વાર થઇ બેસે છે. એટલું જ નહિં પણ વારંવાર જીવનસંગ્રામમાં ભાગ ન લેવાની વૃત્તિ પ્રબળ થઇ જાય છે ત્યારે મન દુર્બલ થઇ જાય છે અને એનાં પરિણામ રૂપે તેના મનની સાથે મહાભયંકર ચિંતાઓ ખડી થઇ જાય છે જે એના દુઃખને ખૂબ જ વધારી મૂકે છે. ચિંતાના સ્વરૂપને જાણવાથી જ આપણે ચિંતાથી મુક્ત થઇ શકીએ છીએ. ચિંતા આધ્યાત્મિક શક્તિના હ્રાસથી પેદા થાય છે. જ્યારે આપણે વારંવાર કોઇ પણ વિષયનું ચિંતન કરીએ છીએ ત્યારે આપણી માનસિક શક્તિ ખર્ચાઇ જાય છે. માનસિક શક્તિ ખર્ચાઇ જતાં કોઇ પણ વિષયનું મનમાં આવવું ચિંતાનું કારણ થઇ પડે છે. જેવી રીતે જ્વરથી પીડાતા મનુષ્યને સર્વ પ્રકારનું ભોજન કડવું લાગે છે તેવી રીતે માનસિક શક્તિ વગરના મનુષ્યને દરેક સાંસારિક વિષય ચિંતાનું કારણ બની જાય છે. વિષયો સંબંધી વિચાર કર્યા કરવાથી ચિંતાઓ ઓછી થતી નથી, બલ્કે વધતી જ રહે છે. વિષય-ચિંતન જ ચિંતાનું સ્વરૂપ છે. જો કોઇ મનુષ્ય ચિંતાથી મુક્ત થવા ઇચ્છતો હોય તો તેણે કોઇપણ વિષય સંબંધી વધારે વખત સુધી વિચાર ન કરવો જોઇએ. એમ કરવાથી જ આપણા જીવનની અનેક સમસ્યાઓને આપણે સહજમાં હલકી કરી શકીએ છીએ. આંગ્લ વિદ્વાન એડવર્ડ કાર્પેન્ટર એક પુસ્તકમાં લખે છે કે તુરતને માટે વિચાર માત્રનો વિનાશ કરી દો. પછી એ વિચારની શક્તિ અવ્યક્તરૂપે તમારી સમસ્યાઓને સહજમાં ઉકેલી દેશે.

જ્યારે ઇસુ ખ્રિસ્તે પોતાના શિષ્યોને સ્વધર્મ-પ્રચાર અર્થે દેશવિદેશમાં મોકલ્યા ત્યારે તેણે તેઓને ઉપદેશ આપ્યો કે "તમારે હંમેશાં નીડર બનીને લોકોને ઇશ્વરનો માર્ગ દેખાડવો. કોઇ તમને તકલીફ દે તો તે સહન કરવી. તમને ગિરફતાર કરીને કોઇ ન્યાયાધીશની સામે ઊભા કરવામાં આવે તો તમારે શો જવાબ આપવો તેનો વિચાર ન કરવો. ન્યાયાલયમાં જે કાંઇ મનમાં આવે તે તેને કહી દેવું."

આ ઉપદેશમાં એટલું સ્પષ્ટ છે કે પોતાના ભવિષ્ય સંબંધી વધારે પડતા નકામા વિચાર કર્યા કરવાથી જ માણસ દુઃખી બને છે.

ચિંતાનો નાશ કરવાનો એક ઉપાય એ છે કે–આપણે હંમેશાં એમજ વિચારવું કે–જે કાંઇ બને છે તે આપણા કલ્યાણ માટે જ છે. આ ભાવનાને દૃઢ કરવાના પ્રયત્નને લયયોગ કહેવામાં આવે છે. આપણા જીવનમાં એવી એવી અનેક ઘટનાઓ બને છે કે જે એ વખતે તો ખરાબ લાગે છે, પરંતુ કાળાન્તરે તે જ કલ્યાણરૂપ બની જાય છે. ધૈર્યવાન પુરુષ એટલા માટે જ કોઇપણ તાત્કાલિક હાનિકારક ઘટનાથી પોતાની જાતને દુઃખી બનાવતો નથી. એ તો એ ભાવના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને દૃઢ કરે છે કે જે આજે કષ્ટદાયક છે તેનું પરિણામ ભવિષ્યમાં સારું જ આવશે. આપણે સર્વજ્ઞ નહિ હોવાથી ભવિષ્યમાં થનારી વાતો નથી જાણી શકતા, પરંતુ આપણે વિચારોમાં તે અનુસાર ફલિત થવાની શક્તિ રહેલી છે. જેનો જે પ્રકારનો વિશ્વાસ હોય છે, જેવી ભાવના હોય છે, તેવી જ તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. મનુષ્યના વિચાર એક બીજ સરખા છે જે કેટલાય દિવસો સુધી અવ્યક્ત રહીને સંસારમાં વૃક્ષના રૂપમાં પ્રકટ થાય છે. આપણે અવ્યક્ત પ્રકૃતિની ભૂમિમાં જેવા વિચાર-બીજ નાખીએ છીએ તેવાં જ વૃક્ષ, ફળ, ફૂલ આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ. એ એક અચલ સિદ્ધાંત છે.

જે મનુષ્યને ઈશ્વરમાં શ્રદ્ધા નથી હોતી તેનાં ચિત્તને ચિંતા હમેશાં વિકલ કરે છે. ઇશ્વર-શ્રદ્ધા એ વિચારને દ્રઢ કરે છે કે ઇશ્વરના નિયંત્રણમાં સઘળું કલ્યાણ માટે જ બને છે. મનનું સ્વરૂપ જ સંકલ્પ-વિકલ્પાત્મક છે. ઈશ્વરારાધન મનની આ પ્રકારની ચંચળતાને રોકે છે. જ્યારે મન શાંત બને છે ત્યારે ચિંતાઓ આપોઆપ વિલીન થઇ જાય છે, તેથી ઇશ્વરારાધનનો નિત્ય અભ્યાસ કરવો એ ચિંતાથી મુક્ત થવાનો અમોઘ ઉપાય છે.

ઇશ્વરારાધનથી આંતરિક શાંતિ જ પ્રાપ્ત થાય છે એટલું જ નહિ પણ ચિત્તમાં વિષય વિરાગ ઉત્પન્ન થઇ જાય છે તેમજ ધીમે ધીમે આત્મ જ્ઞાનનો ઉદય થાય છે. અને એ વાત પણ પ્રત્યક્ષ થઇ જાય છે કે-આત્મા પોતે જ આનંદ રૂપ છે. સાંસારિક વસ્તુઓનો આનંદ આત્માનંદનો આભાસ માત્ર છે. જેવી રીતે નારસીસસ નામનો ગ્રીક બાળક પોતાનો પડછાયો જોઈને તેના સ્વરૂપથી મુગ્ધ થઇ ગયો હતો તેવી રીતે આપણે આપણાં સ્વરૂપનું પ્રતિબિંબ સંસારમાં જોઇને મોહમાં ફસાઈ ગયા છીએ. જ્યાં સુધી મનુષ્યને આત્મજ્ઞાન નથી થતું ત્યાં સુધી હમેશાં ચિંતા અને દુઃખ ચાલુ રહેવાના જ. એ કુદરતે મોકલેલા દૂતો છે જે હમેશાં મનુષ્યને બેચેન કર્યા કરે છે. એટલા માટે જ માણુસ પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણવાનો પ્રયત્ન કરે છે.

આપણે કોઇ ધનવાન અથવા વૈભવી માણુસને જોઇએ છીએ ત્યારે એમ જ વિચારીએ છીએ કે એને કોઈ પ્રકારની ચિંતા નહિ હોય, પરંતુ ખરી વસ્તુ-સ્થિતિ આનાથી તદ્દન વિપરીત છે. ગરીબ માણુસને થોડી ચિંતા હોય છે, પણ ધનવાન મનુષ્યને પોતાના ધનની રક્ષા તેમજ વૃદ્ધિ માટે ભારે ચિંતાઓ રહે છે. સંસારમાં કોઇપણ વસ્તુ માનસિક પ્રયત્ન વગર મેળવી શકાતી નથી તેમજ સ્થિર રહેતી નથી-જ્યાં આપણે એ પ્રયત્નને વ્યક્ત રૂપમાં નથી જોતાં ત્યાં તે અવ્યક્ત રૂપમાં પણ હોય છે.

વાસ્તવિક રીતે દ્રવ્યપ્રાપ્તિ માટે માણુસને અનેક જાતનાં પાપાચરણ કરવા પડે છે. ધનવાન પુરુષ એક તરફ ઘણો ચાલાક હોય છે અને બીજી તરફ જગતમાં તે એવી ખ્યાતિ ચાહે છે કે સૌ લોકો તેને ભલો અને ઇમાનદાર કહે. કેમકે તે વગર તો ધન-રક્ષા થઇ શકતી નથી. તેનું કોઇપણ કાર્ય ઘણે ભાગે નિઃસ્વાર્થ નથી હોતું. તેનું હૃદય હંમેશાં અંતર્જવાળા-થી સંતપ્ત રહે છે.

જે લોકો બહારથી ખૂબ ભર્યાપૂર્યા દેખાતા હોય છે તેઓનાં અંતર સડેલાં હોય છે-તેઓનાં હૃદયા-ગારમાં ચિંતારૂપી સર્પ-વીંછી ઘર કરીને રહે છે અને તેમને હંમેશાં ડંખ્યા કરે છે. તેઓ એક ક્ષણ પણ શાંતિ પામી શકતા નથી.

મનુષ્યની સઘળી ચિંતાઓ પોતાની જ બનાવેલી હોય છે. કોઇપણ ભાવી ઘટના આપણી ચિંતાનો વિષય બનશે કે નહિ તે આપણાં મન ઉપર નિર્ભર છે. જે માણુસનું મન નબળું હોય છે તેને આપણે એક ચિંતાથી મુક્ત કરીએ કે તરત જ તે બીજી વાતની ચિંતા કરવા લાગશે. બાહ્ય સામગ્રીથી ચિંતાનું નિવારણ થઇ શકતું નથી. ચિંતાનું નિવારણ તો આંતરિક સ્થિતિમાં પરિવર્તન થવાથી જ થાય છે. એ પરિવર્તન સાત્વિક અભ્યાસ, ઇશ્વરારાધન, તથા આત્મજ્ઞાનથી જ થઇ શકે છે. નિર્વિષયતા પ્રાપ્ત થવી એટલે જ ચિંતાથી મુક્ત થવું અને નિર્વિષયતા જ્ઞાની પુરુષને જ પ્રાપ્ત થાય છે. **इति शम्**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સુવિધિનાથનું સ્તવન.

**સરળાર્થ ( ભાવોદ્‌ઘાટનાર્થ સહિત. )**

**પંડિત લાલન.**

**ઉત્થાનિકા:**—આ સ્તવનમાં પ્રભુગુણનાં લક્ષણો અને તેને સમજવાની યુક્તિઓ ( અર્થાત નયનિક્ષેપાઓ ) દેખાડેલ છે.

**ગાથા ૧ લી:—**

દીઠો સુવિધિ જિણંદ,
સમાધિરસેં ભર્યો હો લાલ. સ૦
ભાસ્યો આત્મસ્વરૂપ,
અનાદિનો વીસર્યો હો લાલ. અ૦
સકલ વિભાવ ઉપાધિ,
થકી મન ઓસર્યો હો લાલ. થ૦
સત્તા સાધન માર્ગ,
ભણી એ સંચર્યો હો લાલ. ભ૦ ૧

**સરળ શબ્દાર્થ:**—(જિજ્ઞાસુ પોતાનો ભાવ વ્યકત કરતાં કહે છે કે ) આજે મેં શ્રી સુવિધિનાથને સમાધિરસે ભરેલા દીઠા અને દેખતાં જ મારું આત્મસ્વરૂપ જે અનાદિકાળથી હું વિસરી ગયો હતો, તેનું મને ભાસન થયું ( અર્થાત્ પ્રત્યક્ષ થયું ) તેમજ મારું મન વિભાવ એટલે દેહાદિ પરભાવથી ઉસર્યું એટલે છૂટી ગયું અને મારી સત્તામાં રહેલા સ્વાભાવિક પ્રભુના જેવા ગુણો, તેનો વિચાર કરવા તરફ સંચર્યું એટલે દોડયું.

**ગાથા ૨ જી:—**

તુમ પ્રભુ જાણંગ રીતિ,
સર્વ જગ દેખતા હો લાલ. દ૦
નિજ સત્તાયે શુદ્ધ,
સહુને લેખતા હો લાલ. સ૦
પરપરિણુતિ અદ્વેષ-
પણે ઉવેખતા હો લાલ. પ૦
ભોગ્યપણે નિજ શક્તિ,
અનંત ગવેખતા હો લાલ. અ૦ ૨

**સરળ શબ્દાર્થ:**—જગતના સર્વ જીવો આપને જાણવાની રીતિ એવી રીતે દેખે છે કે-સર્વ જીવો પોતાની સત્તાથી સ્વભાવે આપના જેવા શુદ્ધ લેખતા એટલે ગણે છે. અને પરભાવની પરિણતિ વગર દ્વેષે ઉપેક્ષે છે એટલે છોડી દે છે અને ભોગપણાથી પોતાના આત્માની અનંત શક્તિને ગવેખતા એટલે શોધતા રહે છે.

**ગાથા ૩ જી—**

" દાનાદિક નિજ ભાવ,
હતા જે પરવશા હો લાલ. હ૦
તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા
હો લાલ. ગ્ર૦
પ્રભુનો અદ્‌ભુત યોગ, સરૂપ તણી રસા
હો લાલ. સ૦
વાસે, ભાસે, તાસ, તુજ જાસ ગુણ તુજ જિસા
હો લાલ. તુ૦ ૩ "

**સરળ શબ્દાર્થ:**—વળી દાન, લાભ, વિ. આત્મભાવો જે પરવશ હતા તેઓએ તમારી સન્મુખ થઈ તમારી દશા ગ્રહી લીધી છે. હે પ્રભુ! તમારો અદ્‌ભુત યોગ એટલે સમાગમ, તે સ્વસ્વરૂપ જાણવાની ભૂમિકા છે કારણ કે જેની સત્તામાં પણ રહેલા સ્વાભાવિક ગુણો આપના જેવા છે તેઓને આપના ગુણો વાસે-ભાસે એટલે દેખાય છે અને જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગાથા ૪ થી—**

" મોહાદિકની ધૂમિ,
અનાદિની ઉતરે હો લાલ. અ૦
અમલ અખંડ અલિપ્ત,
સ્વભાવજ સાંભરે હો લાલ. સ્વ૦
તત્ત્વરમણુ શુચિ ધ્યાન,
ભણી જે આદરે હો લાલ. ભ૦
તે સમતારસ ધામ,
સ્વામી મુદ્રા વરે હો લાલ. સ્વા૦ ૪ "

**સરળ શબ્દાર્થ:**—પ્રભુ ! આપનું દર્શન થતાં જ મોહ મિથ્યાત્વ અજ્ઞાનની આંધી ઉતરી જાય છે, અને મારા આત્માનો રાગદ્વેષ રહિત અમલ ( એટલે નિર્મળ સ્વભાવ ) અખંડ ( એટલે સ્વગુણુનો પૂર્ણ સ્વભાવ ) પરમાં લેપાયા વિના સાંભરી આવે છે. વળી પરમાત્મ સ્વરૂપમાં નિર્મળ શુકલધ્યાન તરફ મારી પરિણુતિ આદર કરતી રહે છે અને એ શુચિધ્યાન સમતા રસથી ભરેલી આપની મુદ્રાને ભેટતી હોય એમ લાગે છે.

**ગાથા ૫ મી:—**

" પ્રભુ છો ત્રિભુવનનાથ,
દાસ હું તાહરો હો લાલ. દાસ૦
કરુણાનિધિ, અભિલાષ,
અછે મુજ એ ખરો હો લાલ. અ૦
આતમ વસ્તુ સ્વભાવ,
સદા મુજ સાંભરો હો લાલ. સ૦
ભાસન વાસન એહ,
ચરણુ ધ્યાને ધરો હો લાલ. ચ૦ ૫ "

**સરળ શબ્દાર્થ:**—હે પ્રભુ ! આપ ત્રણે જગતના જીવોના રક્ષક સ્વામી છો અને હું આપનો દાસ એટલે સેવક છું અને હે કરુણાના ભંડાર ! મારો એક અભિલાષ એ છે કે—મને મારા શુદ્ધ આત્માની વસ્તુ સદા નિરંતર સ્મરણુમાં રહો. વળી એ સ્વભાવનું ભાસન ( એટલે દર્શન ) વાસન ( એટલે જ્ઞાન ) તેમજ આપના સ્વરૂપમાં ચરણુ ( એટલે રમણુતા ) સદા રહો !

**ગાથા છઠ્ઠી:—**

" પ્રભુ મુદ્રાને યોગ,
પ્રભુ પ્રભુતા લખે હો લાલ. પ્ર૦
દ્રવ્યતણે સાધર્મ્ય,
સ્વ સંપત્તિ ઓળખે હો લાલ. સ્વ૦
ઓળખતાં બહુ માન,
સહિત રુચિ પણુ વધે હો લાલ. સ૦
રુચિ અનુયાયી વીર્ય,
ચરણુ ધારા સધે હો લાલ. ચ૦ "

**સરળ શબ્દાર્થ:**—જ્યારે પ્રભુના આત્મ દ્રવ્યની જેવી મુદ્રા છે તેની પ્રભુતા એટલે મહત્તા લખે એટલે જણાય, કારણુ કે ત્યારે આત્મ દ્રવ્ય પ્રભુનું અને સેવકનું સમાન ધર્મવાળું હોય છે, તેથી એ નિમિત્તવડે આપની આત્મ પ્રભુતારૂપ સંપત્તિ ઓળખાય છે અને આપણુને જ્યારે એ ઓળખાય ત્યારે આપણા આત્મામાં પ્રભુનું બહુમાન થવા લાગે, અને બહુમાન થયું એટલે એવા થવાની આપણામાં રુચિ જાગે તેને અનુયાયી એટલે અનુકૂળ વીર્ય એટલે બળ, પ્રભુની ચરણુધારાને એટલે પ્રભુ ચરિત્રમાં રમણુ કરવા સધે એટલે સંચરે છે.

**ગાથા સાતમી:—**

" ક્ષયોપશમિક ગુણુ સર્વ,
થયા તુજ ગુણુરસી હો લાલ. થ૦
સત્તા સાધન શકિત,
વ્યક્તતા ઉલ્લસી હો લાલ. વ્ય૦
હવે સંપૂર્ણ સિદ્ધ,
[1]**તણી શી વાર** છે હો લાલ. ત૦

[1] ક્ષયોપશમિક ગુણુ આપના આલંબનથી દોડતાં દોડતાં ક્ષાયિક ગુણુ **થતા હોય તેમ હવે** કંઇક અનુભવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાત્રાના નવાણું દિવસ.

( પુ. ૪૫, અંક ૪ થે પા. ૮૫ અનુસંધાન. )

લેખકઃ—શ્રીયુત્ મોહનલાલ દીપચંદ ચોકસી

( ૩ )

ગુરુદેવ, આજે દાદાના દરબારમાં મારા એક સ્નેહી તરફથી રથયાત્રા ફેરવવાની છે તો રોજ કરતાં આપણી ધર્મચર્ચા કંઈક વહેલી પૂર્ણ થાય તો અનુકૂળ થઇ પડે.

હા, મહાશય, તેમ કરવામાં મને તો વાંધો નહીં આવે. હું તો સર્વ વિધિવિધાન પ્રાતઃકાળથી માંડી મધ્યાહ્ન પૂર્વે સમાપ્ત થાય એ જ પસંદ કરનારો છું. ઠંડા પહોરની ક્રિયાના આનંદની વાત અનોખી છે, પણ આજ કાલ શ્રીમન્ત વર્ગે, પોતાની ચા-પાણીની ટેવને સંતોષવા આખો ક્રમ ફેરવી નાંખ્યો છે! પખાલ પૂજનના ઘી તેઓ જ વધારે બોલે એટલે પેઢીના કાર્યકર્ત્તાઓ પણ એમની જ સગવડ જોતાં થયાં છે! ઘણી વાર મેં જોયું છે કે ઉપર રથયાત્રા ફરતી હોય ત્યારે ગણ્યાગાંઠ્યા માનવીઓની મામુલી હાજરી હોય! ધર્મકરણી પણ ઉચિત કાળે થતી હોય તો જ ઉલ્લાસ વધે છે. જ્યાં તાપ વધવા માંડે ત્યાં ઉકળાટ સંભવે જ અને હાજરી ઓગળવાનો આરંભ થાય.

ગુરુદેવ! આપશ્રીની વાત અનુભવયુકત હોઇ સાચી છે. અમો વ્યસનની ગુલામીમાં કુદરતી લાભો ચૂકયા છીએ. મારા આ સ્નેહી પાકા અભ્યાસી હોવાથી એમણે નવો જ ચીલો ગ્રહણ કર્યો છે. રથયાત્રા વહેલી કાઢવાના હોવાથી જ મારે આપનું ધ્યાન ખેંચવું પડયું છે. ઠંડા પહોરની ક્રિયાનો આનંદ અનેરો છે.

ચાલો, પ્રસ્તુત ચર્ચામાં આજે હું તમને કેટલાક મુદ્દાની વાત સમજાવું. જ્ઞાન-દર્શનની વિચારણા પછી વારો ચારિત્રનો આવે, પણ એ તો રોજના અભ્યાસનો વિષય. એની પ્રગતિ કર્મના ક્ષયોપશમને આભારી હોઇ, એમાં વિવિધતાનો પાર નથી. જ્ઞાનદ્વારા ભિન્ન ભિન્ન પદાર્થોનું સ્વરૂપ અવધારી, આત્મા પ્રગતિના માર્ગનો સાચો પથિક કેમ બને એ વિચારી જે જીવન ઘડતરની ક્રિયા કરતા રહેવી એનું નામ જ ચારિત્ર. એમાં તરતમતાઓ રહેલી છે.

કેવળ જાણવા માત્રથી કે આચરણને વળગવાથી ઇષ્ટ સિદ્ધિ નથી થતી. એ સાથે દર્શન યાને શ્રદ્ધા અથવા તો જે ' સમકિત ' શબ્દથી ઓળખાય છે એ ગુણની ખાસ જરૂર રહે છે.

---

દેવચંદ્ર જિનરાજ,

જગત્ આધાર છે હો લાલ. જ૦ ૭"

**સરળ શબ્દાર્થ:**—હે પ્રભુ! મારા જ્ઞાન અને ચરણ જે ક્ષયોપશમિક હતા તે તમારા ગુણના હવે રસીયા થયા છે તે મારી સત્તામાં આપના નિમિત્તની શકિતવડે મારામાં પ્રગટ થવાનો ઉલ્લાસ ઉપજ્યો છે, માટે જ્યારે આ ગુણો પ્રગટ થયા છે તો સંપૂર્ણ સિદ્ધ થવાને શો વિલંબ છે? માટે હે દેવોમાં ચંદ્ર સરખા સુવિધિનાથ! આપ જગતના સકલ જંતુના આધારરૂપ ફળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'પુરુષવિશ્વાસે વચન વિશ્વાસ' એ અનુભવીઓનું વચન હોવાથી સૌ પ્રથમ આપણે આગમના પ્રણેતા અર્થાત્ જૈન ધર્મના સ્થાપક તરફ નજર નાંખવી પડશે. આપણને વર્તમાનમાં જે જ્ઞાનગ્રંથો પ્રાપ્ત થયા છે એનો ઇતિહાસ જાણવો પડશે.

આપણે વસીએ છીએ એનું નામ ભરતખંડ છે. આજે જે કાળ વર્તી રહ્યો છે તે અવસર્પિણી કાળ કહેવાય છે. ઉત્તરોત્તર દરેક પદાર્થમાં ન્યૂનતા થતી આવે એ એની સામાન્ય વ્યાખ્યા છે. આ કાળના મધ્ય ભાગમાં ધર્મના પ્રણેતા જુદા જુદા ભાગમાં અનુક્રમે ઉત્પન્ન થાય છે. માતાના ગર્ભમાં એ ઉત્તમ જીવો ચ્યવે છે ત્યારે તેમની માતાઓ ચૌદ ઉત્તમ પ્રકારના સ્વપ્નો જુવે છે. એનો સામાન્ય ક્રમ આ પ્રકારે—

૧ હાથી, ૨ વૃષભ, ૩ કેશરીસિંહ, ૪ શ્રીદેવી, ૫ ફૂલની માળા, ૬ ચંદ્ર, ૭ સૂર્ય, ૮ ધ્વજા, ૯ કળશ, ૧૦ પદ્મસરોવર, ૧૧ ક્ષીરસમુદ્ર, ૧૨ વિમાન યા ભુવન, ૧૩ રત્નરાશિ, ૧૪ અગ્નિશિખા. આકાશથી ઊતરતાં અને સ્વમુખમાં પ્રવેશતાં જોનાર માતાઓ રત્નકુક્ષી કહેવાય છે, કેમકે એ ઉપરથી સૂચિત થાય છે કે તેમના ગર્ભમાં આવનાર જીવો જરૂર ઉત્તમ અને સંસ્કારી હોય છે. આ નિયમ સ્પષ્ટ સ્વપ્ન જોનાર આશ્રયી છે! ઝાંખા જોનારી માતાઓ જન્મ આપે છે એ સંતાનો હોય છે તો વીરલા, પણ તેમને તીર્થંકર નામકર્મનો બંધ ન હોવાથી તેઓ છ ખંડ ધરતીના માલિક એવા ચક્રવર્ત્તીઓ થાય છે. ધર્મપ્રણેતા થઇ શકતા નથી જ. ધર્મ સ્થાપક થવામાં પૂર્વ ભવોની તૈયારી જોઇએ છે. સંસ્કાર પરંપરાની આવશ્યકતા છે અને કર્મ જાળમાંથી આત્માને મુક્ત કરી, પ્રગતિ સાધવાની એકધારી તમન્ના સદાયે અંતરમાં જળતી રાખવી પડે છે.

રાગ, દ્વેષ આદિ અઢાર દૂષણનો જય કરનાર તે જિન. જિન એટલે જીત મેળવનાર યાને જેમના રાગ-દ્વેષ નિર્મૂળ થયાં છે એવા વીતરાગ–રહ્યાંસહ્યાં કર્મો પર સંપૂર્ણ કાબુ મેળવે અને ચાર ઘાતી કર્મોનો નાશ કરી કૈવલ્ય પ્રાપ્ત કરે ત્યારે તે અરિહંત કહેવાય. પછી સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકારૂપ સંઘની સ્થાપના કરે ત્યારે તીર્થંકર કહેવાય.

આ રીતે તીર્થંકર થનાર આત્માની વાણી પાંત્રીશ ગુણવાળી હોય છે અને જન્મે છે ત્યારે ચાર અતિશયથી યુક્ત હોય છે. દુનિયામાં પણ જન્મતાં જ જેને સર્વ પ્રકારની સાનુકૂળના સાંપડી હોય છે તેને માટે કહેવાય છે કે–

He is born with a silver spoon અર્થાત્ એને તો પાણી માંગતા દૂધ મળે છે. પૂર્વ પુન્યાઇનું એ ફળ છે. 'જિન' શબ્દના ચાર ભાગા આ પ્રકારે થાય.

(૧) નામ જિન—માત્ર નામ–દાખલા તરીકે શાંતિનાથ–નેમનાથ.

(૨) સ્થાપના જિન–મૂર્તિ, ફોટો કે આરોપણ કરેલ પદાર્થ.

(૩) દ્રવ્યજિન–જિન થનાર છે છતાં હજુ થયો નથી એવો જીવ.

(૪) ભાવજિન–આઠ પ્રાતિહાર્યથી અલંકૃત, સમવસરણમાં જ વિરાજી દેશના દઇ રહેલ સાક્ષાત તીર્થંકર.

જે કાળમાં પ્રત્યેક પદાર્થમાં વૃદ્ધિ થતી રહે છે તે ઉત્સર્પિણી કાળ કહેવાય છે. ચડતી કિંવા અસ્તોદયરૂપ યુગલ માફક આ સર્પિણીઓ પણ વારાફરતી આવ્યા જ કરે છે. એ રીતે કાળ ચક્રની ગતિ અનાદિ કાળથી ચાલુ છે. ભૂતકાળમાં આ રીતે પ્રત્યેક કાળમાં તીર્થંકરોની ચોવિશીઓ થઇ ચૂકી છે અને ભવિષ્ય કાળમાં થવાની છે. એ સર્વમાં નીચેના ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામો એવા છે કે જે અવારનવાર આવ્યા જ કરે. એટલે એ શાશ્વત ગણાય છે.

૧. ઋષભ. ૨. ચંદ્રાનન. ૩. વારિષેણ. ૪. વર્ધમાન. દરેક સર્પિણીમાં ચોવીશ તીર્થંકર થાય છે અને એ નિયમ આપણા આ ભરત-ની માફક બીજા ચાર ભરત અને પાંચ ઐરવ્રત મળી કુલ દસ ક્ષેત્રને લાગુ પડે છે. એ ઉપરાંત પાંચ મહાવિદેહ ક્ષેત્રો પણ છે અને એમાં તો સર્પિણી કાળની મર્યાદા નથી. સદા આપણા ચોથા આરા જેવી સ્થિતિ પ્રવર્તે છે અને તીર્થંકરો વિચરતા હોય છે. એ ક્ષેત્રો સંબંધી વધુ વિગત હવે પછી કોઇ અન્ય પ્રસંગ પર મુલ્તવી રાખી ચાલુ વિષયના અનુસંધાનમાં આગળ વધું છું. મહાવિદેહમાં વિચરતા તીર્થંકરો વિહરમાન જિન તરીકે ઓળખાય છે. એમની સંખ્યા સામાન્ય રીતે વીશની ગણાય છે, એ વાત સમજી લેવા જેવી છે. એક મહાવિદેહમાં મોટા એવા બત્રીશ વિભાગો હોય છે અને તે 'વિજય' નામથી ઓળખાય છે. ભરત–ઐરવ્રત માફક મહાવિદેહ પણ પાંચ છે. એ ત્રણ મળી પંદર કર્મભૂમિઓ ગણાય છે. એ ક્ષેત્રોમાં વસતા જીવોને અસિ, મષી ને કૃષિ રૂપ ત્રિપ્રકારી વ્યવસાય હોય છે. અર્થાત્ જીવન નિર્વાહ અર્થે કટાર, કલમ કે હળનો ઉપયોગ કરવો જરૂરી છે. વીશની ગણત્રીમાં દરેક મહાવિદેહની બત્રીશ વિજયમાંથી ગમે તે ચારમાં ચાર જિન વિચરતાં હોય એ ધોરણે સંખ્યા વીશ થાય.

'વરકનકશંખવિદ્રુમ' વાળી ગાથામાં કુલ ૧૭૦ જિનને વંદના કરવામાં આવી છે તે ઉત્કૃષ્ટાકાળને આશ્રયી છે. પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયોમાં અકેક અને પાંચ ભરત અને પાંચ ઐરવ્રત મળી દશ ક્ષેત્રોમાં અકેક મળી કુલ ૧૭૦ જિન થાય. આ અવસર્પિણી કાળમાં એવો કાળ ભગવંત અજિતનાથના સમયે હતો. જઘન્યથી ૨૦ જિન માત્ર મહાવિદેહ આશ્રયી ગણાય. ભરત, ઐરવ્રતમાં તો માત્ર ત્રીજા–ચોથા આરામાં જ તીર્થંકર થવાનો સંભવ છે. બાકીના કાળમાં તીર્થંકર નથી હોતા એટલે જઘન્ય ગણત્રીમાં એ ક્ષેત્રો બકાત સમજવા.

એક સો સીત્તેર નામની સંખ્યામાં પૂર્વે કહ્યું તેમ પેલા ચાર નામવાળા જિન હોય. નંદીશ્વર દ્વીપ પર એ નામવાળા ચોમુખજીના દેવાલયો છે.

આપણા સમયમાં મહાવિદેહમાં શ્રી સીમંધર, યુગમંધર આદિ વીશ વિહરમાન જિનો છે. આપણા ભરત આશ્રયી તીર્થંકર ચોવીશના નામ આ પ્રમાણે—ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભુ, સુપાર્શ્વ, ચંદ્ર, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય સ્વામી, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અરનાથ, મલ્લીનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિ, નેમ, પાર્શ્વ અને મહાવીરસ્વામી. (ચાલુ)

# વર્તમાન સમાચાર.

## બીકાનેર.

પંજાબકેસરી આચાર્યવર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજ પોતાની શિષ્ય–પ્રશિષ્યાદિ મુનિ મંડળી સહિત બિરાજવાથી અને આચાર્યશ્રીજીનાં તાત્વિક પ્રભાવશાળી વ્યાખ્યાનોથી શ્રી સંઘમાં ધર્મ–જાગૃતિ સારી આવી રહી છે.

ચાતુર્માસ શરૂ થતાં જ તપશ્ચર્યા અને પૂજા પ્રભાવનાઓનો પ્રવાહ ચાલુ થયો હતો.

સાધ્વીજી શ્રી હેમેન્દ્રશ્રીજી, દર્શનશ્રીજી, પ્રકાશશ્રીજી અને ખરતરગચ્છીય સાધ્વીજી શ્રી દીવ્યશ્રીજીએ અને કેટલાક ભાઇઓએ માસખમણ કર્યાં અને ૨૮, ૨૨, ૨૦, ૧૬, ૧૫, ૧૦, ૯ વગેરે ઉપવાસો પણ ઘણાં થયાં, અઠ્ઠાઇઓ આદિનો તો પાર જ ન હતો.

આ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવો, નિર્વાણના વરઘોડાઓ, પ્રભાવના આદિ થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યશ્રીજીના પરમ પ્રતાપથી સમસ્ત શ્રી સંઘે શ્રા. વ. ૧૨ મંગળવારે શ્રી પર્યુષણા પર્વ પ્રારંભી ભા. સુ. ૪ મંગળવારે ઘણી જ શાંતિપૂર્વક શ્રી સંવત્સરી પ્રતિક્રમણ કરી આનંદપૂર્વક પર્વ આરાધન કર્યું હતું.

આચાર્યશ્રીજીના દર્શનાર્થે તેમજ પર્વ આરાધવા માટે ગામ ગામથી ભાઇ-બ્હેનો પધાર્યા હતા. શ્રી કોન્ફરન્સના પિતા લોકમાન્ય ઢઢ્ઢા ગુલાબચંદજી વગેરે સંભાવિત સદ્‌ગૃહસ્થો પણ પધાર્યા હતા.

**ભાવનગર.**

ભાવનગરમાં શ્રી પર્યુષણ પર્વની આરાધના મંગળવારથી શરૂ થઇ હતી અને વ્રત, તપસ્યા, પ્રભાવના, રાત્રિજગા આદિ કાર્યો સારા થયા હતા.

નાદુરસ્ત તબીઅતનાં કારણે આચાર્ય શ્રી વિજયલલિતસૂરીશ્વરજી મહારાજ કૃષ્ણનગર રોકાવાથી ગામમાં સમોસરણનાં વંડે મુનિરાજશ્રી પદ્મવિજયજીની નીશ્રામાં પર્વની આરાધના થઇ હતી. મારવાડીનાં વંડે પં. શ્રી અવદાતવિજયજી મહારાજની નીશ્રામાં અને વડવામાં મુનિરાજશ્રી મણિવિજયજી મહારાજની નીશ્રામાં પર્વની આરાધના થઇ હતી.

મહાલક્ષ્મી મિલ તરફથી હરકોરબાઇ પ્રસૂતિ ગૃહની બાજુમાં "મજૂર કલ્યાણ કેંદ્ર" નું ઉદ્‌ઘાટન નામદાર મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીનાં વરદ હસ્તે તા. ૨૬-૮-૪૮ નાં રોજ કરવામાં આવેલ જે સમયે ના. મહારાજા સાહેબે, શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલે તેમજ અન્ય વક્તાઓએ પ્રસંગોચિત ભાષણો કર્યા હતા.

નામદાર મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી મદ્રાસનાં ગવર્નર પદે નિયુક્ત થતાં ભાવનગરની જનતામાં અપૂર્વ ઉત્સાહ પ્રગટયો હતો. તા. ૫-૯-૪૮ નાં રોજ મહારાજા સાહેબની સ્વારી ભાવનગરનાં મુખ્ય રસ્તાઓ પર નીકળી હતી. પ્રજાજનોનો ઉત્સાહ અપૂર્વ હતો. ઠેરઠેર, દરવાજાઓ, કમાનો, ધ્વજા, તોરણો બાંધવામાં આવ્યા હતા. આખા ગામમાં રોશની સારી થઇ હતી. સમસ્ત પ્રજાનો મહારાજા સાહેબ પ્રત્યે પ્રેમ ઉભરાઇ જતો હતો; અને મહારાજા સાહેબનાં દર્શન માટે માનવ મહાસાગર ઉમટયો હતો. સમસ્ત મહાજન તરફથી, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ તરફથી માનપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

## મરણ નોંધ.

**( ૧ ) શેઠ ભાઇચંદભાઈ અમુલખ.** તેઓ મૂળ જામનગરનાં વતની હાલ ઘણા વર્ષોથી મુંબઇમાં વીમાનું કામકાજ કરતા હતા અને પ્રમાણિક હતા. ધર્મશ્રદ્ધાળુ હોવાથી દેવ, ગુરુ, ધર્મની યથાશક્તિ આરાધના કરતા હતા. સ્વભાવે શાન્ત અને મિલનસાર હતા. એંશી વર્ષની ઉંમરે તેમનું મુંબઇખાતે અવસાન થયું છે. તેઓ આ સભાનાં માનવંતા સભાસદ હતા તેમનાં અવસાનથી સભાને એક સારા સભાસદની ખોટ પડી છે. તેમનાં આત્માની પરમ શાંતિ ઇચ્છીએ છીયે.

**( ૨ ) શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરીનું** મુંબઈમાં તા. ૧૧-૮-૪૮ નાં રોજ અવસાન થયું છે. તેઓશ્રી ધર્મશ્રદ્ધાળુ અને શ્રી વીતરાગદેવના પરમ ભક્ત હતા. સાથે સાથે જૈન કોમમાં સારી સખાવતો કરતા હતા. તેઓ શાન્ત અને સદ્‌ગુણી હતા. તેઓ આ સભાના માનવંતા સભાસદ હતા. તેમનાં અવસાનથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. તેમનાં આત્માની ચિર શાંતિ ઇચ્છીયે છીયે.

**( ૩ ) શેઠ વેલચંદ કરસનદાસ.** મૂળ ઘોરાજીનાં વતની ભાવનગરમાં ઘણા વર્ષોથી દાણાપીઠમાં અનાજની મોટી પેઢી ચલાવતા હતા. તેઓ ધર્મશ્રદ્ધાળુ હતા. તેઓનો સ્વભાવ શાંત અને માયાળુ હતો. તેઓ આ સભાના માનવંતા સભાસદ હતા. તેમનું ખેદજનક અવસાન થયું છે. તેમનાં આત્માની પરમ શાંતિ ઇચ્છીયે છીયે.

**( ૪ ) શેઠ ત્રિભુવનદાસ હરખચંદ ખાંડવાળા:**-તેઓ સામાન્ય સ્થિતિમાંથી આપબળે આગળ વધ્યા હતા; અને મુંબઈમાં ખાંડની દલાલી કરતા હતા. તેઓ ધર્મશ્રદ્ધાળુ અને વિનયશીલ હતા. તેમનું ખેદજનક અવસાન થયું છે. તેમના અવસાનથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. તેમના આત્માની ચિર શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં નવું પ્રકાશન.

## ૧ શ્રી દ્વાદશાર નયચક્રસાર-ગ્રંથ ( મૂળ ટીકા સાથે )

તાર્કિક શિરોમણિ, નયવાદપારંગતવાદિપ્રભાવક **આચાર્યશ્રી મલ્લવાદિ** ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્યશ્રી **સિંહસૂરગણિ** ક્ષમાશ્રમણ એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાલ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન–અવિદ્યમાન ભારતીય આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢારહજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન **શ્રી સિદ્ધિસૂરિશ્વરજી**ના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી **જંબૂવિજયજી** મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે માટેના લેખો આવે તે વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સુચના છે. જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે.

---

## ૨ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. ( છપાય છે. )

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત શુમારે ૧૧૦૦૦ હજાર શ્લોકપ્રમાણ, પ્રાકૃત ભાષામાં, બારમા સૈકામાં રચેલો તેનું આ ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આપેલાં છે. આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ ઉપરાંત લગભગ પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક કળાની દૃષ્ટિએ તૈયાર કરાવેલ અનેક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવરે તૈયાર થાય છે.

---

## ૩ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( છપાય છે. )

### શ્રી માણિકચદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, દમયંતીના ધર્મો, રાજનીતિ, વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને અનુભવ મેળવવાના ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

( યોજનામાં )

૧ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર. ૨ શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર અને ૩ કથારત્નકોષ ભાષાંતરો થાય છે. નં. ૧-૨-૩ માં આર્થિક સહાયની અપેક્ષા છે.

## દેવસી-રાઇ (બે) પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રો.

સૂત્રોની સંક્ષિપ્ત સમજ સાથે.

હાલ અમારા તરફથી ઉપરોક્ત દેવસી-રાઇ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રગટ કરવામાં આવી છે. નિરંતરની શ્રાવક-શ્રાવિકા માટેની આ આવશ્યક ક્રિયા હોવાથી આવી સખ્ત મોંઘવારી હોવા છતાં અમારા ઉપર ઘણી માગણી આવવાથી ઉંચા કાગળો ઉપર સુંદર મ્હોટા ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. કિંમત માત્ર રૂા. ૦-૧૦-૦ દસ આના પોસ્ટેજ જુદું.

જૈન કન્યાશાળા, પાઠશાળાઓએ આ લાભ સત્વર લેવાની જરૂર છે. સામટી નકલ લેનાર ધાર્મિક સંસ્થાને યોગ્ય કમીશન આપવામાં આવશે.

## શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

( મૂળ અને મૂલ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત. )

આ ગ્રંથના મૂળ કર્ત્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે, શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે, અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિ ધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનાર આ ગ્રંથ છે. જે વાચક જૈન ધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અનેક વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મસ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે. સુમારે ચારસેંહ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૩-૦-૦

## ॥ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય. ॥

( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર. )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવનચરિત્ર સારભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે.

આ ગ્રંથમાં કાવ્યો તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તે ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહારાયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

### જાહેર ખબર.

**સુદર્શના ચરિત્ર ભા. ૧/૨**—મૂલકર્તા આચાર્યશ્રી દેવેન્દ્રસૂરિજીએ આજથી ૮૦૦ વર્ષ પહેલાં રચેલો તેનો આ સંસ્કૃત અનુવાદ છે. અનુવાદક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનાં શિષ્ય શ્રી વિજયલલિતસૂરિજી મહારાજ સંસ્કૃત ભાષાના પ્રારંભિક અભ્યાસીઓને માટે ખાસ ઉપયોગી છે. પુસ્તક ભેટ. પ્રાપ્તિસ્થાન શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર. ૦-૮-૦ આઠ આના મોકલનારને ભેટ મળશે.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only